GJSK180001822014

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ થયા તા. | ૧૭/૧૨/૨૦૧૪ | | |
| કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૭/૧૨/૨૦૧૪ | | |
| કેસ ફેસલ કર્યા તા. | ૨૮/૧૦/૨૦૨૫ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૧૦ | ૧૦ | ૧૧ |
| | | આંક– | ૧૩૧ |

**ફોર્મ–એ**

**ઈડરના મે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ ની કોર્ટમાં, મું.ઈડર.**
**(સેશન્સ કેસ નંબર–૧૦૫/૨૦૧૪)**
**(ખેડબ્રહમા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૦૬/૨૦૧૪)**
**(ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૯૪ મુજબ)**

| | |
|---|---|
| ફરીયાદી | સ્ટેટ ઓફ ગુજરાત<br>ફરીયાદીનુ નામ : ગોબરભાઈ મેઘાભાઈ દેસાઈ |
| ફરીયાદી તર્ફે વિ.એડી. પી.પી.શ્રી | એન.એન.બારોટ |
| આરોપી | (૧) લાડુભાઈ હોમીરાભાઈ પરમાર, ઉ.વ.૩૬<br>(૨) નરેશભાઈ ધુળાભાઈ પરમાર, ઉ.વ.૩૦<br>(૩) રાજુભાઈ દીતાભાઈ પારઘી, ઉ.વ.૨૦<br>(૪) સેજુભાઈ ઘનાભાઈ પારઘી, ઉ.વ.૨૦<br>આ.નં.૧,૨ –રહેવાસી–ખાદરાફળી પોલાપણ<br>આ.નં.૩,૪–રહેવાસી– ખરણીયા કોદરમુખીનુ ફળીયુ,<br>તમામ તા.પોશીના, જિ.સાબરકાંઠા |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી | બી.આઈ.લીમાણી |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુન્હો બન્યાની તારીખ | ૧૬/૦૧/૨૦૧૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૫/૦૭/૨૦૧૪ |

**સેશન્સ કેસ નંબર : ૧૦૫/૨૦૧૪**

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૦૫/૦૮/૨૦૧૪ (ફોજદારી કેસ નં.૧૧૭૬/૨૦૧૪) |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૭/૦૭/૨૦૧૫ |
| પુરાવો લેવાનો શરૂ કર્યાની તારીખ | ૧૩/૧૦/૨૦૧૫ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૧૬/૧૦/૨૦૨૫ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૨૮/૧૦/૨૦૨૫ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

**આરોપીની વિગતો**

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો. કોડની સે. ૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લાડુભાઈ હોમીરાભાઈ પરમાર | ૧૨/૩/૨૦૧૪ | ૨૩/૫/૨૦૧૪ | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૯૪ મુજબ | નિર્દોષ | – | – |
| ૨ | નરેશભાઈ ધુળાભાઈ પરમાર | ૧૨/૩/૨૦૧૪ | ૨૩/૫/૨૦૧૪ | | નિર્દોષ | – | – |
| ૩ | રાજુભાઈ દીતાભાઈ પારઘી | ૧૨/૩/૨૦૧૪ | ૨૩/૫/૨૦૧૪ | | નિર્દોષ | – | – |
| ૪ | સેજુભાઈ ધનાભાઈ પારઘી | ૧૨/૩/૨૦૧૪ | ૨૩/૫/૨૦૧૪ | | નિર્દોષ | – | – |

**:: ઠ રા વ ::**

**(હાલનો કેસ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ હિંમતનગરના ઓફિસ ઓર્ડર નંબર ૫૭૪/૨૦૨૪ તારીખ ૨૬/૧૧ /૨૦૨૪ અન્વયે બીજા એડિ.ડિસ્ટ્રીકટ કોર્ટ, ઈડરથી અત્રેની ત્રીજા એડિ.ડિસ્ટ્રીકટ કોર્ટ, ઈડર ખાતે તબદીલ થઈને આવેલ અને પ્રથમ સુનવણી તારીખ: ૦૫/૧૨/૨૦૨૪ રોજ મુકર્રર કરવામાં આવેલ હતી અને સદર કેસ ફરિયાદ પક્ષના પુરાવા નોંધવાના તબકકે હતો.)**

➢ **આરોપીઓ વિરુધ્ધનું તહોમત :**

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ ફરિયાદી એ ખેડબ્રહમા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી રૂબરૂ આપેલ ફરિયાદના આધારે ઉપરોકત ગુના રજીસ્ટર્ડ નંબર થી ઈ.પી.કો. કલમ – ૩૦૨, ૩૯૪ મુજબના ગુન્હા નોંધાયેલ.

➢ **ફરિયાદની વિગત :**

(૨) ફરિયાદપક્ષે ફરિયાદી ફરીયાદના મથાળે જણાવેલ સરનામે રહે છે. તારીખ : ૧૪/૧/૨૦૧૪ ના રોજ રાત્રીના અગિયારેક વાગ્યાના સુમારે ફરીયાદી શ્યામનગર સ્થિત મંદિરના પટાં**ગણમાં કોઈ અજાણ્યા ઈસમો રાત્રીના દેખાતા આ બાબતે તમેણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારુ ખેડબ્રહમા પોલીસ સ્ટેશને ટેલીફોનથી જાણ કરતાં ખેડબ્રહમા પોલીસ સ્ટેશને થી નાઈટ રાઉન્ડમા ગાડી આવેલી અને તે દિવસે મંદિર ખુલ્લામા હોઈ અને બીજો કોઈ અનિચ્છનીય બનાવ ન** બને તે સારુ તા.૧૫/૧/૨૦૧૪ ના રાત્રીના આ મફતભાઈની મદદમાં પરોયાના રહીશ કલ્યાણભાઈ વિહાભાઈ રબારીનાઓને તેઓએ મંદિરમાં સુવા મોકલેલ હતા. જેથી રાત્રીના આ કલ્યાણભાઈ તથા મફતભાઈ તથા તેમના મંદીર આગળ જોધપુર રાજસ્થાન બાજુના ટ્રેકટરવાળા રહે છે તે ત્રણેય મંદીરનો મુખ્ય દરવાજો અંદરથી બંધ કરી તાળુ મારી સુઈ ગયેલ હતા. ત્યારબાદ આજરોજ રાત્રીના દોઢેક વાગેના સુમારે તેમના મંદિર આગળ ટ્રેકટરો મુકી મંદીરમા સુઈ રહેતાં મીહુસીહ રતનસીહ ચૌહાણનાઓએ તેમના મોબાઈલ નંબર ૯૮૯૮૯૯૪૮૫૦ ઉપર ફોન કરેલ કે હું તથા મફતભાઈ તથા કલ્યાણભાઈ ત્રણેય જણા મંદીરની જાળી બંધ કરી સુઈ રહેલ હતા તે વખતે જાળીનુ તાળુ તોડી બે ત્રણ ઈસમો મંદિરમાં ઘુસી અમો ત્રણેયને માર મારી ભંડારો તથા તિજોરી તોડી અંદરથી રોકડ લઈ ગયેલ છે અને હું ત્યાંથી ભાગી પ્રજાપતી સમાજની સમાજવાડીએ આવી ત્યાંથી ફોન કરેલ છે અને મફતભાઈ તથા કલ્યાણભાઈને ડંડા વડે મારતા ઈજાઓ થયેલ છે તેવી વાત કરેલ. ત્યારબાદ આજરોજ સવારના છ એક વાગે તેઓ તેમના ગામ દાવડથી નીકળી ટેલીફોનથી ખાત્રી કરતા બંને ઈજા પામનાર હિંમતનગર સીવીલ હોસ્પીટલમા હોઈ ત્યાં ગયેલ અને તેમને બનાવ બાબતે પુછપરછ કરવા પ્રયત્ન કરેલ. પરંતુ તેઓ ભાનમાં ન હોઈ કોઈ વાતચીત થયેલ ન હતી. જેથી સવારના

અગિયારેક વાગે તેમના મંદીરે આવેલા અને જોયેલ તો ભંડારો તથા તિજોરી તોડી નાંખેલ હતી. જે ભંડારામા ચોકકસ કેટલી રકમ હતી તે તેઓ કહી શકે નહી અને આ લુંટમાં મીહુસીહનો મોબાઈલ લઈ ગયેલ કે જેની કિંમત રૂા.૧૭૦૦/– હતી. આ સિવાય આ ચોર લુંટારુઓ ગોતા રોડ ઉપર તથા ગાડુ રોડ ઉપર આવેલ બે માણસોને માર મારી લુંટી ગયેલ છે તેમજ ખેડબ્રહમા ગામમાં જૈન દેરાસર મા પણ ચોરી કરવાનુ જાણવા મળેલ જેથી આ બાબતે તપાસ કરવા તેમની ફરીયાદ છે.

➢ **પોલીસ તપાસ અને ચાર્જશીટ :**

(૩) ફરિયાદીએ ઉપરોકત ફરિયાદ હકીકત જાહેર કરતાં, સદરહું ફરિયાદ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર્ડ નંબર ૦૬/૨૦૧૪ થી આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ–૩૯૪ મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ અને તપાસનીશ અધિકારી ધ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને તપાસનીશ અધિકારી ધ્વારા એફ.આઈ.આર.માં ઈ.પી.કોડની કલમ–૩૦૨ નો ઉમેરો કરવાનો રીપોર્ટ કરેલો. ત્યારબાદ તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ ખેડબ્રહમાના જયુડી.મેજી. ફ. ક.શ્રીની કોર્ટમાં ઈ. પી. કો. કલમ –૩૯૪, ૩૦૨ મુજબના ગુન્હા બનતા હોવાનો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબ આખરી રીપોર્ટ કરેલો.

➢ **કેસ કમિટલ પ્રોસીડીંગ્સ :**

(૪) ખેડબ્રહમાના વિ.જયુડી.મેજી.ફ.ક.શ્રીએ આ ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોઈ, આરોપીને તપાસના કાગળોની નકલો પુરી પાડી, તેઓના બચાવ માટે વકીલ રોકેલ છે કે કેમ તે અંગે ખાતરી કર્યા બાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૯ મુજબ સદરહું કેસ કમીટ કરી અત્રેની સેશન્સ કોર્ટમાં મોકલી આપેલો.

➢ **કેસની સેશન્સ કોર્ટ સમક્ષની કાર્યવાહી :**

(૫) આ કામે આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકેલ હોઈ, આરોપીઓને તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરી, તેઓને બચાવ કરવાની તક પુરી પાડયા બાદ મારા પુરોગામી વિ. એડીશનલ સેશન્સ જજ શ્રીનાએ આરોપીઓ વિરૂધ્ધ આંક–૫ થી ઈ. પી.

કો. કલમ – ૩૯૪, ૩૦૨ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવેલ, જે આરોપીઓને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીઓના અનુક્રમે આંક–૬ થી આંક–૯ સુધીના નિવેદનો નોંધતા આરોપીઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા સારુ જરુરી સાક્ષી પુરાવા રજુ કરવા આદેશ કરવામાં આવેલ.

**ફોર્મ–સી**

(૬) આ કામે ફરિયાદપક્ષે આંક–૦૫ થી રજુ તહોમતનામા મુજબના ગુનાની હકીકતો પુરવાર કરવા માટે નીચે પ્રમાણેનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા**

| અનુક્રમ નંબર | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | | |
| ૧ | ૫ | ૩૮ | ગોબરભાઈ મેઘાભાઈ દેસાઈ | ફરીયાદી |
| ૨ | ૬ | ૪૪ | રમેશભાઈ કલાભાઈ રબારી | સાહેદ |
| ૩ | ૭ | ૪૫ | હીરાભાઈ રામાભાઈ રબારી | સાહેદ |
| ૪ | ૮ | ૪૮ | મફતભાઈ વસાભાઈ રબારી | સાહેદ |
| ૫ | ૯ | ૫૫ | માણકાભાઈ કલ્યાણભાઈ રબારી | સાહેદ |
| ૬ | ૧૦ | ૫૬ | ગોવાભાઈ મહાદેવભાઈ રબારી | સાહેદ |
| ૭ | ૧૧ | ૫૭ | જોરાભાઈ દેવાભાઈ રબારી | સાહેદ |
| ૮ | ૧૨ | ૫૮ | મીટુસીહ રતનસીહ ચૌહાણ | સાહેદ |
| **તબીબ સાહેદ** | | | | |
| ૯ | ૧ | ૧૦ | ડો.બલભદ્ર વિષ્ણુદાન ગઢવી | ઈજાપામનારની સારવાર કરનાર તબીબ |
| ૧૦ | ૨ | ૧૬ | ડો.હરીન એ. યાદવ | પી.એમ. કરનાર |
| ૧૧ | ૩ | ૨૩ | ડો.અનીશકુમાર યશપાલકુમાર ગોએલ | ઈજાપામનારની સારવાર કરનાર તબીબ |

| **પંચ સાહેદો** | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ૪ | ૩૪ | શૈલેષકુમાર પોપટલાલ મહેતા | પંચ સાહેદ |
| ૧૩ | ૧૩ | ૮૮ | જનકસીહ નરેન્દ્રસીહ વાઘેલા | સાહેદ |
| ૧૪ | ૧૪ | ૯૮ | નાગજીભાઈ કલાભાઈ રબારી | પંચ સાહેદ |
| ૧૫ | ૧૫ | ૧૦૦ | અંકુરભાઈ નટવરભાઈ પટેલ | પંચ સાહેદ |
| ૧૬ | ૧૬ | ૧૦૨ | જય રાજેશભાઈ જાની | પંચ સાહેદ |
| ૧૭ | ૧૭ | ૧૦૪ | ધિરેન્દ્રસિંહ વિરેન્દ્રસિંહ પરમાર | પંચ સાહેદ |
| ૧૮ | ૧૮ | ૧૦૫ | રૂષભ અનીલભાઈ મીસ્ત્રી | પંચ સાહેદ |
| ૧૯ | ૨૧ | ૧૧૮ | મહંમદનુર અહેમદીભાઈ વકતાપુરીયા | પંચ સાહેદ |
| **પોલીસ સાહેદ** | | | | |
| ૨૦ | ૧૯ | ૧૦૮ | ક્રિષ્ણાબેન માધાજી ડામોર | ગુનો દાખલ કરનાર |
| ૨૧ | ૨૦ | ૧૧૪ | અર્જુનભાઈ વિનોદભાઈ ટોલીયા | સાહેદ |
| ૨૨ | ૨૨ | ૧૨૦ | ઘનશ્યામદાન ખોડીદાન ઈસરાણી | ત.ક.અમલદાર |

(એ) **ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા**

| **અનુક્રમ નંબર** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૧ | મફતભાઈ વસાભાઈ રબારીનુ સારવાર સર્ટીફીકેટ |
| ૨ | ૧૨ | મફતભાઈ વસાભાઈ રબારીના કેસ પેપર્સ |
| ૩ | ૧૩ | કલ્યાણભાઈ વીહાભાઈ રબારીનુ સારવાર સર્ટીફીકેટ |
| ૪ | ૧૪ | કલ્યાણભાઈ વીહાભાઈ રબારીના કેસ પેપર્સ |
| ૫ | ૧૭ | લાશનુ પી.એમ. કરવા બાબતેની પોલીસ યાદી |
| ૬ | ૧૮ | પી.એમ.નોટ |

| | | |
|---|---|---|
| ૭ | ૧૯ | કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટ |
| ૮ | ૨૦ | યાદી |
| ૯ | ૨૧ | ફોરવર્ડીંગપત્રની સ્થળપ્રત |
| ૧૦ | ૨૪ | કલ્યાણભાઈ વીહાભાઈ રબારીનુ એમ.એલ.સી. |
| ૧૧ | ૨૫ | સીટી સ્કેનનો અસલ રીપોર્ટ |
| ૧૨ | ૨૬ | એકસ–રે રીપોર્ટ |
| ૧૩ | ૨૭ | રેડીયોલોજીસ્ટ રીપોર્ટ |
| ૧૪ | ૨૮ | ઈજાપામનારના સારવાર સર્ટીફીકેટની સ્થળપ્રત |
| ૧૫ | ૩૫ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૧૬ | ૩૯ | અસલ ફરીયાદ |
| ૧૭ | ૮૯ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૧૮ | ૯૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૧૯ | ૧૦૧ | ડીસ્કવરી પંચનામુ |
| ૨૦ | ૧૦૪ | ડીસ્કવરી પંચનામુ |
| ૨૧ | ૧૦૯ | કેસ ડાયરી |
| ૨૨ | ૧૧૦ | સુચીપત્ર |
| ૨૩ | ૧૧૫ | મુદામાલ રીકવરી પંચનામુ |
| ૨૪ | ૧૨૧ | લાશ સોપ્યાની પાવતી |
| ૨૫ | ૧૨૨ | એકઝી.મેજી.ને કરેલ યાદી |
| ૨૬ | ૧૨૩ | ઓળખ પત્ર અંગેનો પત્ર |
| ૨૭ | ૧૨૪ | કોલ ડીટેઈલ |
| ૨૮ | ૧૨૫ | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| ૨૯ | ૧૨૬ | મુદામાલ બકરી માલીકને સુપ્રત કર્યાની પાવતી |
| ૩૦ | ૧૨૭ | એફ.એસ.એલ. રવાનગી |
| ૩૧ | ૧૨૮ | મુદામાલ મળ્યાની પાવતી |
| ૩૨ | ૧૨૯ | મુદામાલ પરીક્ષણ અહેવાલ |

➢ **આરોપીઓના વિશેષ નિવેદન :**

(૭) ઉપરોકત સાક્ષીઓનો પુરાવો રજુ થયા બાદ ફરિયાદપક્ષ તરફે વિ. પી.પી.શ્રી તરફથી આંક–૧૩૦ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે તેમજ તેઓ તરફે વધુ કોઈ સાક્ષી પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવતાં, આરોપીઓનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેઓની વિરુધ્ધના ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી તેમજ બચાવના સાહેદો તપાસેલ નથી અને વિશેષમાં જણાવેલ છે કે, અમો આરોપીએ આવો કે આવા પ્રકારનો કોઈ ગુનો કરેલો નથી અમો આરોપી પાસેથી કોઈ ચોરીનો મુદામાલ પકડાયેલ નથી અમો નિર્દોષ છીએ અમારા ઉપર ખોટો કેસ કરી પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

➢ **<u>પક્ષકારોની મૌખિક દલીલો :</u>**

(અ) **<u>ફરિયાદપક્ષની દલીલ :</u>**

(૮) ફરિયાદપક્ષ તરફે વિ. એડિ. પી.પી. શ્રી ની મુખ્ય રજુઆત એવી છે કે, આ કામના આરોપીઓ વિરુધ્ધ આંક–૫ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે અને આ કામના આરોપીઓએ તારીખ : ૧૬/૧/૨૦૧૪ ના રાત્રીના કલાક ૧/૩૦ પહેલાં કોઈ પણ સમયે મોજે શ્યામનગર થી ખેડબ્રહમા તરફ જતા રોડ ઉપર આવેલ માણેકનાથજી મંદીરમાં મંદીરની જાળીનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી, મંદીરની અંદર સુતેલ સાહેદ મફતભાઈ વસાભાઈ રબારી, કલ્યાણભાઈ વીહાભાઈ રબારી અને મીઠુસીહ રતનસીહ ચૌહાણનાઓને લીલા ડંડાઓથી શરીરે તથા માથાના ભાગે માર મારી ઈજાઓ કરી, સોહદ કલ્યાણાભાઈ વિહાભાઈ રબારીનુ ઈરાદાપુર્વક મોત નિપજાવી, તેમજ મંદીરની તિજોરી અને ભંડારમાંથી રોકડ રકમ રૂા.૧૧૦૦૦/– તથા મીઠુસીહનો મોબાઈલ ફોન કિંમત રૂા.૧૭૦૦/– ની લૂંટ કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે અને ફરીયાદ પક્ષના પુરાવા પરથી આરોપીઓ વિરુધ્ધના ગુનાની હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ હોય, આરોપીઓ ને કાયદામાં ઠરાવેલ મહતમ સજા ફરમાવવા રજુઆત કરેલ છે.

(બ) **<u>બચાવપક્ષની દલીલ :</u>**

(૯) આરોપી પક્ષે તેઓના વિ. વ. શ્રીએ દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદ

પક્ષના સાહેદ નં.૧ ડો.બલભદ્ર વિષ્ણુદાન ગઢવીના પુરાવાને ધ્યાને લેવામા આવે તો, મફનભાઈ વસાભાઈ રબારી તેમજ કલ્યાણભાઈ વીહાભાઈ રબારીની સારવાર કરેલ છે પરંતુ ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં લોકોના ટોળાએ લાકડી વડે હુમલો કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસની હકીકત ધ્યાને લેવામાં આવે તો, સદર બંને દર્દી ઓને થયેલી હાથની ઈજાને કારણે મૃત્યુ થઈ શકે નહી. તેમજ કબુલ કરેલ છે કે સદર દર્દીઓએ બનાવ કેટલા સમય પહેલા બનેલ તે જણાવેલ નથી અને તેઓએ પુછેલ નથી. તેમજ ઈજાના કલર ઉપરથી કેટલા સયમ પહેલાની ઈજા છે તે નકકી થઈ શકે અને આંક-૧૧ અને આંક-૧૩ ના સર્ટી.મા ઈજાનો કલર લખેલ નથી.આમ, ઉપરોકત તબીબ સાહેદના પુરાવા પરથી આરોપીઓએ જ ઈજાઓ પહોચાડેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. તેવી જ રીતે ફરીયાદ પક્ષના સાહેદ નં.ર ડો.હરીન એ. યાદવ ધ્વારા લાશનુ પી.એમ. કરવામાં આવેલ છે તેઓના પુરાવા મુજબ મરનારની લાશ દફનાવેલ હોઈ તે બહાર કાઢી લાશનુ પેનલ ડોકટર ધ્વારા પી.એમ. કરવામાં આવેલ છે. વધુમાં કહેવાતો બનાવ તારીખ ૧૪/૧/૨૦૧૪ ના રોજ કરવામા આવેલ છે અને લાશનુ પી.એમ. તા.૧૪/૩/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ છે. તેમજ મરનારના માથાના ભાગે ૧૫ સે.મી.×૨૦ સે.મી.નો લંબગોળાકાર ઘા હોવાનુ અને ઓપરેશન વાળો હોવાનુ જણાવેલ છે અને બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેતાં મરનારની લાશ ખાડામાથી બહાર જમીન પર કાઢવાની બાકી હતી અને તેમના અભિપ્રાય મુજબ લાશ આશરે પંદર થી વીસ દિવસ પહેલા દાટવામાં આવેલી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેમજ બચાવ પક્ષ તરફેની ઉ.ત.માં માથાના ભાગે ઈન્ટરનલ ઈન્જરી થયેલ હોવા સંબંધી પી.એમ.માં ઉલ્લેખ નથી. આમ, મરનારનુ મૃત્યુ કેવી રીતે, અને કેવા પ્રકારની ઈજાઓના કારણે થયેલ છે તે હકીકત ફરીયાદ પક્ષના ઉપરોકત તબીબ સાહેદના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવતી નથી.

(૯.૧) વધુમાં બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે ફરીયાદ પક્ષના સાહેદ નં.૩ ડો. અનીશકુમાર શ્રીયશપાલકુમાર ગોએલ કે જેઓએ કલ્યાણભાઈ વીહાભાઈ રબારીની સારવાર કરેલ છે અને પેશન્ટને લાવેલ ઈસમ તેમના પુત્ર મણકાભાઈ એ જણાવેલ કે, તારીખ : ૧૫/૩/૨૦૧૪ ના રોજ ૦.૧૫ કલાકે ખેડબ્રહમા જીલ્લા સાબરકાંઠામા માથામા તથા શરીરના અન્ય ભાગોએ ઈજા કરવામાં આવેલી હોવાનુ જણાવેલ છે. પરંતુ ઈજા

પામનારને ખેડબ્રહમા મુકામે કઈ જગ્યાએ, કયા સ્થળે અને કોના ધ્વારા અને કયા હથિયારથી ઈજાઓ પહોચાડેલ હોવા બાબતે કોઈ જ હકીકત ઈજાપામનારના પુત્ર ધ્વારા જણાવવામાં આવેલ નથી. તેમજ બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેતાં, સર્ટીફિકેટમાં ઈજા કે ગંભીર હતી તેનો ઉલ્લેખ કરેલ નથી.

(૯.૨) ફરીયાદ પક્ષના ફરીયાદીની બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, બનાવ વખતે ફરીયાદી તેમના ઘરે હતા અને બનાવ નજરે જોયેલ નથી અને બનાવની જાણ ફોન ધ્વારા થયેલ છે તેમજ બનાવની જાત માહીતી નથી તેમ કબુલ કરેલ છે તેમજ કબુલ કરેલ છે કે બનાવ અંગેની માહીતી તમામ બીજા દિવસે મળેલી અને પછી ટ્રસ્ટીઓ સાથે મળી ફરીયાદ કરેલી અને તેમણે તથા ટ્રસ્ટીઓએ ભેગા મળી લખાવેલી અને બધા ટ્રસ્ટીઓએ ફરીયાદ કરવાનું નિર્ણય કરી ફરીયાદ કરેલ હોવાની હકીકત કબુલ કરેલ છે. આમ, ફરીયાદીના પુરાવા પરથી હાલના આરોપીઓએ જ લૂંટ કરેલ હોવા બાબતે કોઈ જ પુરાવો આપેલ નથી. તેવી જ રીતે ફરીયાદ પક્ષના સાહેદ નં.૬, ૭ ધ્વારા પણ બનાવ નજરે જોયેલ નથી અને તેઓના પુરાવા પરથી પણ હાલના આરોપીઓ વિરુધ્ધના ગુનાની હકીકતો ને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષના સાહેદ નં. ૮ મફતભાઈ વસાભાઈ રબારી તેઓની સરતપાસમાં આ બનાવ વખતે મંદીરની આગળ જે લાઈટો લગાવવામા આવેલ હતી તે પ્રકાશમાં તેઓને મારનાર વ્યકિતઓને ઓળખેલા હોવાનુ અને જોયેથી ઓળખી શકે તેમ જણાવતા સદર સાહેદને આરોપીઓ બતાવતા બે આરોપીઓને ઓળખી બતાવે છે પરંતુ બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, આજરોજ મને કોર્ટમા આ મંદીરના સંચાલક ગોબરભાઈ લઈને આવેલા છે અને તેઓ અને ગોબરભાઈ કોર્ટની બહારના ભાગે બેઠા હતા ત્યારે આરોપી આવેલ ત્યારે ગોબરભાઈએ કહેલુ કે આ આરોપીઓ છે. જ્યારે ફરીયાદી ગોબરભાઈ બનાવ વખતે ઘરે હતા અને બનાવ નજરે જોયેલ નથી અને બનાવની જાત માહીતી નથી તેવી હકીકત તેમની બચાવ પક્ષ તરફેની ઉ.ત.માંથી રેકર્ડ ઉપર આવે છે.

(૯.૩) વધુમા આરોપી પક્ષે વિ.વ.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે સાહેદ નં.૯ મણકાભાઈ કલ્યાણભાઈની બચાવ પક્ષ તરફેની ઉ.ત. ધ્યાને લેવામાં આવે તો, તેઓ એસ.ટી.ડેપોમા ડ્રાયવર તરીકે નોકરી કરે છે અને તેમના પિતાજી મંદીરમા કયારે આવે છે અને જાય છે તેની

તેમને ખબર નથી અને તેમના પિતાજીને ઈજા થયા અંગેની જાણ મોબાઈલથી થયેલ અને બનાવની જાત માહીતી નથી અને બનાવ નજરે જોયેલ નથી અને તેના પિતાજીની દફન વિધિ તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ થયેલ અને પી.એમ. કરવા સારુ લાશ તા.૧૪/૩/૨૦૧૪ ના રોજ બહાર કાઢેલ. આમ, સદર સાહેદના પુરાવા પરથી આરોપીઓને ગુનામા સાંકળતી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૯.૪) વધુમા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૦ ગોવાભાઈ મહાદેવભાઈ રબારી તથા સાહેદ નં.૧૧ જોરાભાઈ દેવાભાઈ રબારીની બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, બનાવવાળી જગ્યાએ તેઓ ગયા ત્યારે કલ્યાણભાઈને ઈજા થયેલ હતી તે તેમણે જોયેલ એટલે કે સદર સાહેદને આરોપીઓ એ જ ઈજા કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમા ઉ.ત.માં કબુલ કરેલ છે કે ડોકટરે કહેલુ કે તેઓ દર્દીને રજા આપતા નથી પરંતુ તમારે લઈ જવા હોય તો લઈ જાવ તેવુ કહેલુ. આમ, ઈજાપામનારને અધુરી સારવાર કરાવી ઘરે લાવેલ હોવાથી મરણજનારનુ મૃત્યુ નિપજેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાઈ આવે છે.

(૯.૫) વધુમા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૨ મીટુસીહ રતનસીહ ચૌહાણની બચાવ પક્ષ તરફેની ઉ.ત. ધ્યાને લેવામાં આવે તો તેમા કબુલ કરેલ છે કે બનાવ રાત્રીના બાર વાગે બનેલો તેમજ કબુલ કરેલ છે કે ચાર માણસો મોઢુ ઢાંકી ને આવેલા અને ફરીયાદી તેમની સાથે આવેલ હોવાની અને ફરીયાદીએ તેમને આ ચારે આરોપીઓને બતાવેલ છે કે આ આરોપીઓ છે તેમ કબુલ કરેલ છે. વધુમા ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતાં બનાવવાળી જગ્યા હાઈવે રોડ છે અને આજુબાજુ રહેણાંક મકાનો આવેલા છે.

(૯.૬) વધુમાં બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, આંક-૮૯ ના પંચનામાના પંચ ધ્વારા તેમની બચાવ પક્ષ તરફેની ઉ.ત.માં કબુલ કરેલ છે કે, તેઓ પંચનામુ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તેઓ ત્યાં ઉભેલા હોય અને ગામના આગેવાન હોય તેમની સહી કરાવેલી. આમ, સદરહું પંચની ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં પંચનામુ પુરવાર થતુ નથી.

(૯.૭) વધુમા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, આંક-૯૯, આંક-૧૦૧, આંક-

૧૦૪ ના પંચનામાના પંચો એ પંચનામાને સમર્થન કરેલ નથી. તેમજ ફરીયાદ પક્ષના સોહદ નં.૧૯ ક્રિષ્ણાબેને ફરીયાદ નોંધ્યા સિવાય કોઈ કામગીરી કરેલ નથી. તેમજ ફરીયાદ પક્ષના સાહેદ નં.૨૦ અર્જુનભાઈ ટોલીયાની બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, કયા કેસની ચોરી, કયા ગુના રજીસ્ટર નંબર તે અંગે કોઈ વિગત પંચનામામાં જણાવેલ નથી તેમજ કયા વાહનમા ગયેલા તે પણ જણાવેલ નથી અને આરોપીઓના કદ, કાઠી, ઉમર અંગેનુ કોઈ વર્ણન પંચનામામાં કરેલ નથી. આમ, સદર ત.ક.અમલદારના પુરાવા પરથી પંચનામુ સદર સાહેદની હાજરીમાં થયેલ હોવાની હકીકત માનવાલાયક રહેતી નથી. વધુમાં આ કામે તપાસ કરનાર અમલદાર ઘનશ્યામદાન ખોડીદાન ઈશરાણીએ તેમની ઉ.ત.માં કબુલ કરેલ છે કે ફરીયાદ બનાવના બે દિવસ મોડી કરવામા આવેલ છે અને અને ફરીયાદમા મોડી ફરીયાદ કરવામા આવેલ તેનો યોગ્ય અને વ્યાજબી ખુલાસો કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદમા આરોપીઓના નામ, કદ, કાઠી અને વર્ણન જણાવેલ નથી તેમજ બનાવવાળી જગ્યા નું મંદીર હાઈવે રોડ પર આવેલ છે અને તેમજ આરોપીને અટક કર્યા બાદ સાહેદોના વધારાના જવાબ લેવામા આવેલ નથી. તેમજ ઈ.પી.કો.ક. ૩૦૨ ના ઉમેરો કરેલ તેમા પણ કોઈ આરોપીઓના નામ જણાવેલ નથી તેમજ જે વ્યકિતઓના મુદામાલ ચોરાયેલા તેઓના કોઈ નિવેદન લેવામા આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષના ઉપરોકત સમગ્ર પુરાવા પરથી આરોપીઓ વિરુધ્ધના આક્ષેપિત ગુનાની હકીકતો ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

➢ **કેસના ન્યાયિક નિર્ણય અર્થેના મુદ્દા અને તેનો જવાબ :**

**(૧૦)** ઉપરોકત વિગતે મારી સમક્ષ રજુ થયેલ ઉપરોકત સાક્ષી પુરાવાની વિગતોના આધારે સદરહું કેસના ન્યાયિક નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ::**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, મરણજનાર કલ્યાણભાઈ વીહાભાઈ રબારીનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે ?

(૨) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ : ૧૬/૧/૨૦૧૪ ના રાત્રીના કલાક ૧/૩૦ પહેલાં કોઈ પણ સમયે મોજે શ્યામનગર થી

ખેડબ્રહમા તરફ જતા રોડ ઉપર આવેલ માણેકનાથજી મંદીરમાં મંદીરની જાળીનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી, મંદીરની અંદર સુતેલ સાહેદ મફતભાઈ વસાભાઈ રબારી, કલ્યાણભાઈ વીહાભાઈ રબારી અને મીઠુસીહ રતનસીહ ચૌહાણનાઓને લીલા ડંડાઓથી શરીરે તથા માથાના ભાગે માર મારી ઈજાઓ કરી, સોહદ કલ્યાણાભાઈ વિહાભાઈ રબારીનુ ઈરાદાપુર્વક મોત નિપજાવી, તેમજ મંદીરની તિજોરી અને ભંડારમાં થી રોકડ રકમ રૂા.૧૧૦૦૦/– તથા મીઠુસીહનો મોબાઈલ ફોન કિંમત રૂા.૧૭૦૦/– ની લૂંટ કરી  ભારતીય દંડ સહિંતાની કલમ–૩૯૪, ૩૦૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કર્યા છે ?

(૩) શું હુકમ ?

**(૧૧)** આ કામે રજુ થયેલા પુરાવા તથા પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબ નિર્ણય આપવામાં આવેલ છે.

**:: નિ ર્ણ યો ::**

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

➤ **પુરાવાનું મુલ્યાંકન :**

**(૧૨)** ફરિયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી વિરુદ્ધનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવુ પણ અનુમાન છે કે, જે શાહેદ વીટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મૂલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ ચોક્કસ માર્ગદર્શિકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

**નામદાર સુપ્રિમ કોર્ટે લાલબહાદુર વિ. સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી, ૨૦૧૩ (૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭** તેમજ **ભરવાડા ભોગીનભાઈ હિરજીભાઈ વિ. સ્ટેટ ઓફ**

**ગુજરાત, ૧૯૮૩ (૩) એસ.સી.સી. પાન નં. ૨૧૭વાળા** ચુકાદાથી પુરાવાના મુલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે શાહેદોના ભણતર, સામાજિક મોભો, સામાજિક પરિસ્થિતિ, બૌધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઈ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે કારણ કે, દરેક શાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરિક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી શાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એકજ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહિં. મોટાભાગે, શબ્દ:સહ પુન: ઉચ્ચારણ કોઈ શાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેક સામાન્ય વિરોધાભાસ પુરાવામાં મળતો હોય છે. પરંતુ આ વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરિયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે, પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે અદાલતે તે ધ્યાને લેવાના હોય છે તેમજ ક્રિમિનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનું જ હિત જોવાનું નથી. પરંતુ, ગુન્હામાં ભોગ બનનાર અને સમાજનું હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુન્હોગાર ઠરાવી શકાય નહિં તેવા સંજાગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષીત માણસ ગુન્હામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષીત ના ઠરે, સાથે સાથે દોષી વ્યકિતને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત **નામદાર સુપ્રિમ કોર્ટે અંબીકા પ્રસાદ વિ. સ્ટેટ (દિલ્હી) રીપોર્ટેડ ઈન ૨૦૦૦ (એસ.સી.સી.) પાન નં. ૬૪૬થી** પ્રતિપાદિત કરેલ છે.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનીય અને નિ:શંક પુરાવા રજુ કરવાના રહે છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી. પરંતુ, ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનીય જણાતા હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતા હોય ત્યારે પ્રોસીકયુશનના પુરાવા સ્વીકારી, આરોપીને દોષી ઠરાવી શકાય છે. જયારે નિ:શંક પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ ન હોય ત્યારે તેમજ રજુ થયેલ પુરાવામાંથી બે પ્રકારની સંભાવના ઉદ્દભવતી હોય, તે

સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે અને તે મુજબ આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન પાયાના સુસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લઈ ને કરવામાં આવેલું છે.

➢ **ફરિયાદપક્ષે પુરવાર કરવાની આવશ્યક હકીકત :**

**(૧૩)** આ કામે ફરિયાદપક્ષ દ્વારા આરોપી વિરુદ્ધ મુકવામાં આવેલ તહોમત મુજબ, આ કામના આરોપીઓએ બનાવ તારીખે, સમયે અને સ્થળે રાત્રીના સમયે લૂંટ કરી, ઈજાપામનાર સાહેદોને ઈજાઓ પહોચાડી, મરણજનારને ગંભીર ઈજાઓ પહોચાડી મોત નિપજાવી આક્ષેપિત ગુન્હા કરેલ અને તેવો ફરિયાદપક્ષનો કેસ છે.

➢ **ફરિયાદપક્ષે પુરવાર કરવાના ગુન્હાના આવશ્યક તત્વો :**

**(૧૪)** ઉપરોકત તહોમત મુજબ આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ –૩૯૪, ૩૦૨ મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હા કર્યાનો આક્ષેપ છે.

(૧૪.૧) હવે ઉપરોકત હકીકત સંબંધે પડેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા આ તબકકે ઈ.પી.કો.ની કલમ–૩૦૦ ની જોગવાઈમાં જે સાપરાધ મનુષ્ય વધ કે જે ખુન ગણાય અને જે ખુન ન ગણાય તે અંગે પ્રાથમીક કાયદાકીય ચર્ચા કરવાની થાય છે. આરોપીઓ સામે ખુનનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નિ:શંક પણે નીચે મુજબની હકીકત પુરવાર કરવાની થાય છે.

૧. સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો હોય,

૨. આરોપીએ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યુ હોય,

૩. જે કારણે ભોગ બનનારનુ મૃત્યુ નિપજ્યુ હોય,

૪. આરોપીએ કરેલ કૃત્ય–

મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યું હોય,

અથવા

– આરોપીને જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરિક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવા સંભવ છે તથા તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય, અથવા

– શારીરિક હાની પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય તથા જે ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા

કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય, અથવા

કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે કૃત્ય તત્કાલીન એવું ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાના કારણે મૃત્યુ નિપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા કે ઉપર મુજબની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવા માટેના કોઈજ કારણ વગર કૃત્ય કરવામાં આવ્યું હોય.

૫. કરવામાં આવેલું કૃત્ય કલમ–૩૦૦માં આપવામાં આવેલા પાંચ પૈકિ કોઈ અપવાદમાં અથવા પ્રકરણ –૪ના સામાન્ય અપવાદમાં પડતું ન હોય.

ઈન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલત સમક્ષ ખુનનો મુકદ્દમો ચાલે ત્યારે આરોપીનું કૃત્ય ખુન છે કે કેમ? તે નકકી કરવાનો પ્રશ્ન હંમેશા આવે છે. તેમાં કયારેક તેવો સાપરાધ મનુષ્ય વધ ખુન ગણાય કે કેમ? તે પ્રશ્ન અત્યંત પેચીદો તથા જટિલ બની જાય છે. આ બાબત નકકી કરવામાં સાહેદો, તબીબી પુરાવો, નિષ્ણાંતોનો અભિપ્રાય વગેરે વિવિધ પાસા ભાગ ભજવે છે તથા મહત્વની બાબત ગુન્હો કરનારની માનસિક અવસ્થા કે માનસિક પ્રક્રિયા હોય છે. મનુષ્યવધના કિસ્સામાં નીચે મુજબના ક્રમે ચર્ચા કરવી તર્ક સંગત ગણાશે.–

૧. અદાલતે પ્રથમ એ નકકી કરવાનું રહે છે કે મૃત્યુ કુદરતી છે, આત્મ હત્યા છે, અકસ્માત છે કે મનુષ્યવધનો કિસ્સો છે.

૨. એ કિસ્સો મનુષ્યવધનો જણાયતો કલમ–૨૯૯નાં તત્વો પ્રમાણે તે મનુષ્યવધ છે કે કેમ?

૩. ત્યાર પછીના તબકકે એ બાબત પર લક્ષ કેન્દ્રિત કરવાનું રહે છે કે કલમ – ૩૦૦માં દર્શાવેલ કોઈ પ્રકારમાં આરોપીનું કૃત્ય આવે છે કે કેમ?

૪. જો આરોપીનું કૃત્ય કલમ–૩૦૦માં દર્શાવેલ ચાર પૈકિ કોઈ પ્રકારમાં પડતું હોય તો તે કલમ–૩૦૦માં દર્શાવેલા પાંચ પૈકિ કોઈ અપવાદમાં અથવા પ્રકરણ–૪ ના સામાન્ય અપવાદો પૈકિ કોઈ અપવાદમાં આરોપીનું કૃત્ય આવે છે કે કેમ?

૫. આરોપીનું કૃત્ય કલમ–૩૦૦માં દર્શાવેલા ચાર પૈકિ કોઈ એક પ્રકારમાં પડતું હોય તથા કલમ–૩૦૦માં દર્શાવેલા પૈકિ અપવાદ અથવા પ્રકરણ–૪ના કોઈ સામાન્ય અપવાદ માં પડતું ન હોય તો તે સાપરાધ મનુષ્ય વધ નિશ્ચિતપણે ખુન ગણાય તથા કલમ–૩૦૨ના પ્રબંધ મુજબ સજા થાય.

૬. કલમ–૩૦૦માં દર્શાવેલા ચાર પૈકિ કોઈ પણ પ્રકારમાં આરોપીનું કૃત્યુ પડતું હોય તથા તેવું કૃત્ય કલમ–૩૦૦માં હર્શાવેલા પાંચ પૈકિ કોઈ અપવાદમાં પડતું હોય ત્યારે અપવાદના કારણે તે સાપરાધ મનુષ્યવધ ખુન ગણાય નહિ ત્થા કલમ–૩૦૪ના પૂર્વાર્ધ મુજબ સજા કરી શકાય.

૭. કલમ–૩૦૦ના ચાર પૈકિ કોઈ પ્રકારમાં આરોપીનું કૃત્યુ પડતું ન હોય અપવાદ વિષે વિચારવાનો પ્રશ્ન રહેતો જ નથી, પરંતુ તેમ છતાં તે સાપરાધ મનુષ્યવધ ગણાય ત્યારે કલમ–૩૦૪ના ઉત્રાર્ધ મુજબ સજા કરી શકાય.

૮. કયારેક મનુષ્યવધ હોય, અપરાધનું તત્વ હોય, છતાં કલમ–૨૯૯ના તત્વો સંતોષાતા ન હોય ત્યારે વ્યથા કે મહાવ્યથા ગણીને તે મુજબ સજા થઈ શકે, જે પ્રત્યેક કેસના આગવા સંજોગો પર આધારિત છે.

માનવીનું મૃત્યુ અનેક કારણસર નિપજે છે. મૃત્યુ કુદરતી કારણોસર થાય, અકસમાતના કારણે નિપજી શકે. બેદરકારીપૂર્વકના કૃત્યને કારણે મૃત્યુ નિપજે આત્મહત્યા કિસ્સો કોઈ શકે, મનુષ્યવધના કારણે થયું હોય તથા સાપરાધ મનુષ્યવધના કારણે થયું હોય તથા સાપરાધ મનુષ્યવધ પણ કારણરૂપ હોય. ફરિયાદપક્ષે પ્રથમ એ બાબત પુરવાર કરવાની રહે કે મૃત્યુ મનુષ્યવધ ના કારણે (homicidal death) થયું છે.ત્યાર બાદ એ પુરવાર કરવાનું રહે કે મનુષ્યવધ સાપરાધ મનુષ્યવધ છે. સાપરાધ મનુષ્યવધ આંતરિક અથવા બાહ્ય ઈજાના કારણે નિપજી શકે, બાહ્ય ઈજાના કારણે થતી આંતરિક ઈજાથી નિપજી શકે, શરીરના મહત્વના માર્મિક અવયવ (Vital organ) ની ક્રિયાશીલતાને ઘાતક અસર પહોચાડવાથી મૃત્યુ નિપજી શકે. આ ઘાતક અસર તેવા અવયવની ક્રિયાશીલતા અટકાવે અથવા ઘટાડે જે કાણે મુત્યુ નિપજી શકે. કલમ–૨૯૯ માં સાપરાધ મનુષ્યવધની વ્યાખ્યા દર્શાવે છે કે મનુષ્યવધ, સાપરાધ મનુષ્યવધ પુરવાર કર્યા બાદ તેવો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય કે કેમ? તે પુરવાર કવાનું રહે છે. કલમ–૩૦૦માં ખૂનની વ્યાખ્યા કરવામાં આવી છે. ફરિયાદ પક્ષે કલમ–૩૦૦માં દર્શાવેલા ચાર પૈકિ કોઈ એક પ્રકાર પુરવાર કરવાનો રહે છે.

ત્યારે કલમ–૩૦૦માં જે ચાર પ્રકારો દર્શાવેલા છે. તે નીચે મુજબ છે.

૧. જે કૃત્યથી મૃત્યુ નિપજાવ્યુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કરેલ હોય. અથવા

૨. જો ગુનેગારને એવુ જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોંચે તેનું મૃત્યુ નિપજાવવામાં સંબંધ છે અને તેવી શારીરીક હાની પહોંચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય.

અથવા

૩. જો કોઈ વ્યકિતને શારીરીક ઈજા પોહોંચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અને શારીરીક ઈજા પહોંચાડવા ધાર્યુ હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હોય.

અથવા

૪. જો કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે તેવુ તાત્કાલીન ભયજનક કૃત્ય છે તે તમામ શકયતા વચ્ચે મૃત્યુ નિપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નિપજવાની પુરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોંચાડવા માટેની જોખમ લેવા કોઈ જ કારણ વગર તે કૃત્ય કર્યુ હોય.

ઉપરોકત ચાર પૈકિ એક પ્રકાર મુજબનું કૃત્ય કરેલ હોવાની હકિકત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલી છે અને પુરાવાની માત્રા, પુરાવાની ગુણવતા, તે કક્ષાની હોવી જોઈએ કે ગુનો નિ:શંકપણે તમામ શંકાથી પર પુરવાર થાય. વધુમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે અનેતે બોજો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. વધુમાં ઉપરોકત બાબત પુરવાર થયા બાદ જો આરોપીનો બચાવ એવો હોય કે તેનું કૃત્ય કલમ–૩૦૦માં હર્શાવેલ પાંચ પૈકિ હોઈ એક અથવા વધારે અપવાદમાં અથવા પ્રકરણ –૪માં દર્શાવેલ સામાન્ય અપવાદમાં પડે છે તો તે પુરવાર કરવા માટેનો બોજો આરોપી ઉપર છે.

આ સંદર્ભે પણ ભારતીય પુરાવા અધિનિયમ –૧૮૭૨ની કલમ–૧૦૫ની જોગવાઈ મુજબ આરોપી ઉપર બોજો હોય છે.

અપવાદનો કીસ્સો પડતો નથી તેવો નકારાત્મક બોજો ફરીયાદપક્ષ ઉપર હોતો નથી. તથા ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતે એવુ અનુમાન કરવાનુ રહે છે કે અપવાદ મુજબના સંજોગો ન હતા તથા આરોપીએ તેવા અનુમાનનુ ખંડન કરવાનુ હોય છે. વધુમાં આરોપી ઉપર પણ તે અનુમાનનુ ખંડન કરવા માટેનો બોજો ફરીયાદપક્ષ જેટલો નિ:શંકપણેના સિધ્ધાંત મુજબનો હોતો નથી પરંતુ આરોપીએ માત્ર એક સંભાવના, શકયતા દર્શાવવાની રહેતી હોય છે અને ફરીયાદપક્ષના

કેસ સામે એક પ્રશ્ન ઉભો કરવાનો હોય છે.

(૧૪.૨) **ઈ.પી.કો. કલમ –૩૯૪ : લૂંટ કરવા સ્વેચ્છાપુર્વક વ્યથા પહોચાડવી :–**

લૂંટ કરતાં અથવા લૂંટ કરવાની કોશીશ કરતાં કોઈ વ્યકિત સ્વેચ્છાપુર્વક વ્યથા પહોચાડે તો તેને તથા તેની સાથે લૂટ કરવામાં અથવા લૂંટ કરવાની કોશીશ કરવામાં સંડોવાએલી અન્ય વ્યકિતને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સખત કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

➤ **મુદ્દા નં. ૧ ના નિર્ણય માટે ફરિયાદપક્ષના શાહેદોના પુરાવાનું મુલ્યાંકન :**

**(૧૫)** આ કામે મુદ્દા નં.૧ મરણજનાર કલ્યાણભાઈ વીહાભાઈ રબારીનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે. તે અંગે ફરિયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો, મરણજનારને ઈજાની સારવાર કરનાર **તબીબ સાહેદ નં.૧ ડો.બલભદ્ર વિષ્ણુદાન ગઢવી** ને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં '' કલ્યાણભાઈ વીહાભાઈ રબારી ને પોલીસ યાદી વગર લાવવામા આવેલા અને તેઓને પુછતા તેઓએ જણાવેલ કે અજાણ્યા લોકોએ તેઓ ઉપર લાકડીઓ વડે હુમલો કરેલો અને અને તેઓ ભાનમાં હોવાની અને હ્દૃય અને શ્વાસની પ્રક્રિયાઓ સામાન્ય હતી અને ડાબા હાથના કાંડા ઉપર અસ્થીભંગ જોવા મળેલ અને જમણા હાથના ખભા અને કોણીના વચ્ચેના ભાવે એટલે કે બાવળાના ભાગે અસ્થીભંગ જોવા મળેલ અને તેઓએ પ્રાથમીક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલમા મોકલી આપેલા અને તેમના અભિપ્રાય મુજબ તેમને થયેલ ઈજાઓ ગંભીર હતી અને બોથડ પદાર્થ થી થઈ શકે તેવી હતી અને તે અંગેનુ તેઓએ ઈન્જરી સર્ટી. આપેલ તેની નકલ આંક–૧૩ થી રજુ થયેલ છે તેમજ કેસ પેપર્સ આંક–૧૪ થી રજુ થયેલ છે.

(૧૫.૧) ઉપરોકત તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, તેમની પાસે આવેલ દર્દી પોલીસ યાદી સિવાય આવેલા અને તેમણે પોલીસને જાણ કરેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે સદર બંને દર્દીઓને થયેલી હાથની ઈજાઓના કારણે મૃત્યુ થઈ શકે નહી તેમજ સદર દર્દીઓએ આ બનાવ તેમની પાસે સારવાર માટે આવ્યા તેના કેટલા સમય પહેલા બનેલો તે જણાવેલ નહી અને તેમણે પુછેલ નહી. તેમજ મેડીકલ જયુરીસપ્રુડન્સ મુજબ ઈજાના પ્રકાર અને તાજી કે જુની તે નકકી કરવા સિધ્ધાંતો

છે અને કબુલ કરેલ છે કે ઈજાના કલર ઉપરથી કેટલા સમય પહેલાથી ઈજા છે તે નકકી થઈ શકે. તેમજ કબુલ કરેલ છે કે આંક–૧૧ અને આંક–૧૩ ના સર્ટીમાં ઈજાનો કલર લખેલ નથી.

(૧૬) ફરીયાદ પક્ષે **સાહેદ નં.ર ડો. હરીન એ.યાદવને આંક–૧૬ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ લાશનુ પી.એમ. કરેલ છે. તેઓના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, તેઓ તારીખ : ૧૪/૩/૨૦૧૪ ના રોજ તેમની ફરજ ઉપર મટોડા પી.એચ.સી.માં હાજર હતા તે વખતે પી.એસ.આઈ ખેડબ્રહમાનાઓ તરફથી ખેડબ્રહમા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬/૨૦૧૪ ના કામે ઈ.પી.કો.કલમ–૩૯૪ના કામે મરનારની લાશ દફનાવેલ હોઈ, તે લાશ બહાર કાઢી લાશનું પેનલ ડોકટરથી પી.એમ. કરવા માટે તા.૧૪/૩/૨૦૧૪ ના રોજની યાદી તેઓને મળેલી જે યાદી આંક–૧૭ થી રજુ થયેલ છે. મરણ જનારનીલાશનું પેનલ ડોકટરથી પી.એમ. કરવાનું હોઈ, પો.સ.ઈ.શ્રી. ખેડબ્રહમાનાઓએ ર્ડા.બી.પી.પરમારનાઓને સ્થળ ઉપર હાજર રહેવા સુચના કરેલી, જેથી તેઓ બન્ને પરોયા ગામની સીમમાં ગયેલા. ત્યારબાદ મરણ જનારની લાશ જે જગ્યાએ દફનાવેલ હતી તે જગ્યાએથી બહાર કાઢવામાં આવેલી તે લાશ તેના પુત્ર મણકાભાઈ કલ્યાણભાઈ રબારીનાઓએ ઓળખી બતાવેલી. જે મૃતદેહનું તેઓએ તા.૧૪/૩/૨૦૧૪ ના ક.૧૭:૦૫ કલાકે સંભાળેલો અને સ્થળ ઉપર ક.૧૭:૧૫ વાગે પી.એમ. શરુ કરેલું અને તે જ દિવસે ક.૧૮:૩૦ કલાકે શબ પરિક્ષણ પુરુ કરેલું.આ મૃતદેહ ઉપર માથાના જમણી બાજુએ આગળના ભાગે ૧૫ સે.મી.×૨૦ સે.મી. લંબગોળાકાર ઘા જોવા મળેલો જે સર્જીકલ ઘા હતો એટલે કે, તેના ઉપર ઓપરેશન કરી સારવાર કરેલ હતી. જમણા હાથના ઉપરના ભાગે ફ્રેકચર જોવા મળેલું. પેટના આગળના ભાગે તથા પાછળના ભાગે સડો લાગવાથી ચામડી નીકળી ગયેલ હતી તથા બીજા અવયવો ઉપર સડાના ચિન્હો હતા. મગજના ભાગે પણ સડાના ચિન્હો જોવા મળેલા. જમણા હાથનું હાડકું ભાગી ગયેલ હતું. આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. તેમજ આ મૃતદેહની આંતરીક તપાસ કરતા માથાના ભાગે જમણી બાજુએ ૧૫ સે.મી.×૨૦ સે.મી. લંબગોળાકાર ઘા જોવા મળેલો. જે ઓપરેશનવાળો હતો. આ મૃતદેહ ઉપરથી તેઓએ ફેફસું, લીવર, બરોડ, કીડનીના નમૂનાઓ એક બોટલમાં લીધેલા તેમજ બીજી બોટલમાં પેટ અને આંતરડાનો ભાગ લીધેલો તેમજ ત્રીજી બોટલમાં પ્રીઝરવેટીવ લીધેલ. જે નમૂનાઓ

એફએસએલમાં મોકલવા માટે લીધેલા. કરોડરજજુના ભાગે કોઈ ઈજા જોવા મળેલ નહી. આ મૃતદેહનું પ્રોબેબલ કોઝ ઓફ ડેથ સર્ટી. આપેલું. જે મુજબ મૃત્યુનું કારણ તેમના અભિપ્રાય મુજબ હૃદય અને ફેફસા બંધ થઈ જવાના કારણે થયેલું અને તેનું કારણ શરીર પર થયેલી ઈજાના કારણે થયેલું. ફાઈનલ કોઝ ઓફ ડેથ સર્ટી. એફએસએલના રીપોર્ટ આધારે આપવા સંબંધી પી.એમ.માં નોંધ કરેલી. એફએસએલનો રીપોર્ટ જોઈને કહે છે કે, આ મરણ જનારના મૃત્યુનું કારણ ઈજાના કારણે થયેલું. તે રીપોર્ટમાં જણાવ્યા મુજબ આ મૃતદેહ ઉપર કોઈ ઝેરની અસર જોવા મળેલ નહી. તેઓએ પેનલ ડોકટરથી પી.એમ. કરેલું જે પી.એમ. નોટ આંક–૧૮ થી રજુ થયેલ છે તેમાં પોતાની અને ર્ડા.ભાવેશ પરમારની સહી છે તે ઓળખી બતાવે છે અને તેઓએ પ્રોબેલ કોઝ ઓફ ડેથનું સર્ટી. તેમના હસ્તાક્ષરમાં આપેલુ તેમાં પોતાની અને ર્ડા.ભાવેશ પરમારની સહી છે તે ઓળખી બતાવે છે તે આ કામે આંક–૧૯ થી રજુ થયેલ છે. મરનારની લાશ ઉપરથી ઉપર મુજબના જે નમૂનાઓ લીધેલા તે નમૂનાઓ એફએસએલને તપાસવા માટે આવનાર કોન્સ્ટેબલને પી.એસ.આઈના નામ જોગ યાદી સાથે આપેલા જે યાદી તથા ફોરવડીંગ પત્રની સ્થળપ્રત અનુક્રમે આંક–૨૦ અને આંક–૨૧ થી રજુ થયેલ છે અને તેમના અભિપ્રાય મુજબ લાકડાના ડંડા મારવામાં આવે તો મરનારને જે ઈજાઓ થયેલી તે થઈ શકે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨ (૧ થી ૩) જે કાપડની થેલીમાં જે બતાવવામા આવતા જોઈને જણાવે છે કે, સદર ડંડાઓનો માર મારવાથી મરનારને થયેલી ઈજા સંભવી શકે. તેમજ સરતપાસમાં જણાવેલ છે કે, મરનારને થયેલી ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા માટે પુરતી હતી.

(૧૬.૧) ઉપરોકત તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ બન્ને ડોકટરો સ્થળ ઉપર પહોચ્યા ત્યારે મરનારની લાશ ખાડામાંથી બહાર જમીન પર કાઢવાની બાકી હતી. સદર લાશ સફેદ કપડાથી વીટાયેલ હતી. તેમના અભિપ્રાય મુજબ સદર લાશ આશરે પંદરથી વીસ દિવસ પહેલા દાટવામાં આવેલી. ડીકમ્પોજ પ્રોસેસ ચાલુ હતી. તેમજ કબુલ કરેલ છે કે, તેમને મળેલી પી.એમ.ની યાદીમાં મરનારની લાશ કઈ તારીખે દાટેલી તેનું ઉલ્લેખ કરેલ છે. સદર યાદીમાં તા.૨૯/૧/૧૩ નો ઉલ્લેખ કરેલ છે. તેમજ કબુલ કરેલ છે કે, તેમણે પી.એમ.નોટમાં કોલમ નં.૫ માં મૃત્યુની તા.૨૯/૨/૧૩નો ઉલ્લેખ કરેલ છે. વધુમા કબુલાત કરેલ છે કે, તેમણે મરનારની મૃત્યુની સંભવીત તારીખ

પી.એમ.માં યાદી મુજબ લખેલી. વધુમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, બહારના ભાગેની ઈન્જરી હોય તો તે પ્રકારની ઈન્જરી અંદરના ભાગે થઈ શકે અને માથાના ભાગે ઈન્ટરનલ ઈન્જરી થયેલ હોવા સંબંધી પી.એમ.માં ઉલ્લેખ નથી. સાહેદ સ્વેચ્છએ જણાવે છે કે, પી.એમ.કર્યુ તે વ્યકિતનું સર્જીકલ રીમુવલ હતું. એવું બની શકે કે, સર્જીકલમાં કોઈ ખામી રહી જાય તો પણ મૃત્યુ થઈ શકે. તેમજ કબુલ કરેલ છે કે, હાથમાં થયેલી ફેકચરની ઈજાથી કોઈ વ્યકિતનું મૃત્યુ સભંવી શકે નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તાત્કાલીક ન થાય પરંતુ સારવાર ન લે તો લાંબે ગાળે થઈ શકે.

(૧૭) ફરીયાદ પક્ષના **સાહેદ નં૩ અનીશકુમાર શ્રીયશપાલકુમાર ગોએલના આંક– ૨૩** ના પુરાવાને ઘ્યાને લેવામાં આવે તો, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ વી.એસ. હોસ્પીટલમા ન્યુરોસર્જીકલ તરીકે તા.૧૭/૩/૨૦૧૪ ના રોજ સવારે ૯.૧૫ કલાકે ફરજ પર હાજર હતા અને પેશન્ટ નામે કલ્યાણભાઈ વીહાભાઈ રબારીને સીવીલ હોસ્પીટલ અમદાવાદમાથી તેમની હોસ્પીટલમા લાવવામા આવેલા અને તેઓએ પેશન્ટનો એમ.એલ.સી. કઢાવેલ હોવાનુ જણાવી કેસ પેપર્સ આંક–૨૪ થી રજુ કરેલ છે. તેમની સમક્ષ લાવેલ પેશન્ટના પુત્ર મણકાભાઈએ જણાવેલ કે તા.૧૫/૩/૨૦૧૪ ના રોજ ૦.૧૫ કલાકે ખેડબ્રહમા જીલ્લા સાબરકાંઠામાં માથામાં તથા શરીરના અન્ય ભાગોમાં ઈજા કરવામાં આવેલી. અને સદર પેશન્ટને તેમને ત્યાં લાવવામા આવેલ ત્યારે તેમણે સીવીલ હોસ્પીટલમા આપેલી હીસ્ટ્રી મુજબ પેશન્ટ ઉપર હુમલો થયેલ હતો અને પેશન્ટ બેભાન હતા અને ઉલટી થતી હતી અને નાકમાંથી લોહી નીકળતુ હતુ તેમજ માથામાં ઈજા હતી. તેમજ પેશન્ટને તપાસતા શ્વાસની તકલીફ હતી અને શ્વાસ લેવાની ગળામા નળી નાખેલ હતી અને જમણા આંખની કીકીના વચ્ચેનો ભાગ કુલી ગયેલ હતો અને તેના ઉપર લાઈટ ફેંકતા તેનુ કોઈ રીએકશન હતુ નહી અને ડાબી આંખની કીકી નાની થઈ ગયેલ હતી અને તેમા પણ લાઈટ ફેંકતા રીએકશન હતુ નહી. સદર પેશન્ટનુ બાહય પરીક્ષણ કરતાં તેમની પાસે લાવેલ તે પહેલા સારવાર આપવામાં આવેલ હતી અને તે સારવાર મુજબ માથામા ડાબી બાજુ ૫ સે.મી.×૦.૧ સે.મી.નો ઘા હતો અને ત્યાં સ્ટીચીસ લેવામા આવેલ હતા અને બીજા ઘા મુજબ માથામા ડાબી બાજુ ઘા હતો એ તે ઘામાં ૭ સે.મી.×૦.૨ સે.મી. હતુ તેમા સ્ટીચીસ

આવ્યા હતા. સદર પેશન્ટના કોણીના ઉપરના ભાગે પ્લાસ્ટર ઓફ પેરીસ કરેલ હતુ અને પેશન્ટનુ સીટી સ્કેનનો રીપોર્ટ તેમની હોસ્પીટલમા કઢાવવામા આવેલ અને રીપોર્ટ મુજબ સબડયુરલહેમોટોમા હતુ તેમજ જમણી બાજુ આગળના ભાગે ઈજા હતી તેમ જણાવી સીટીસ્કેન રીપોર્ટ આંક–૨૫ થી રજુ કરેલ છે. તેમજ પેશન્ટનો એકસ–રે મુજબ પેશન્ટના જમણા હાથે કોણીના ભાગે ફ્રેકચર હતુ અને ડાબી બાજુ પણ ૧૧/૩ નું ફ્રેકચર હતુ જે એકસ–રે આંક–૨૬ થી રજુ થયેલ છે અને રેડીયોલોજીસ્ટ રીપોર્ટ આંક–૨૭ થી રજુ કરેલ છે અને પેશન્ટને તેમની હોસ્પીટલમા તા.૧૭/૧/૨૦૧૪ ના રોજ ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ થયેલા અને પેશન્ટને ડોકટરની સલાહ વિરુઘ્ધ તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ હોસ્પીટલમાથી રજા લઈ જવામા આવેલા અને તેમણે તે અંગેનુ સર્ટીફીકેટ આપેલ તેની સ્થળપ્રત આંક–૨૮ થી રજુ કરેલ છે. તેમને મુદામાલ લાકડી બતાવામાં આવે છે તે જોઈને કહે છે કે, પેશન્ટ ને થયેલી ઈજા હાલના તબકકે સદર લાકડીઓની થયેલી કે કેમ તે તેઓ કહી શકે નહી અને પેશન્ટને બીજી જગ્યાએ સારવાર આપવામા આવેલ હતી અને તેને સ્ટીચીસ લેવામા આવેલ હતા.

(૧૭.૧) ઉપરોકત તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે સર્ટીફીકેટમા ઈજા સાદી કે ગંભીર હતી તેનો ઉલ્લેખ કરેલ નથી, સર્ટીફીકેટ તેમજ કેસ પેપર્સમા પેશન્ટના આઈડેન્ટીફીકેશનનો ઉલ્લેખ નથી. તેમજ કબુલ કરેલ છે કે સદર પેશન્ટ નુ ઓપરેશન કરવામાં આવેલુ. તેમજ બુલ કરેલ છે કે શ્વાસની તકલીફ માટે ઘણા કારણો હોઈ શકે અને પેશન્ટને માથામાં ઈજા હતી તે અંગેનુ ઓરેશન કરેલુ. તેમજ કબુલ કરેલ છે કે,પેશન્ટ ડોકટરની સલાહ વિરુઘ્ધ પુરતી સારવાર લીધા વગર તેની જાતે ચાલી જાય તો સારવારમા બ્રેક પડવાના કારણે પણ તકલીફ થઈ શકે.

(૧૮) હવે આ કામે ઉપરોકત તમામ તબીબ સાહેદોના પુરાવાઓનુ એક સાથે અને સંયુકત પણે ફરીયાદ પક્ષના ફરીયાદી ગોબરભાઈ મોઘાભાઈ દેસાઈની આંક–૩૯ વાળી ફરીયાદ અનુસંધાને મુલ્યાંકન કરવામાં આવે તો, કહેવાતો બનાવ તા.૧૪/૧/૨૦૧૪ ના રોજ બનેલ છે અને બનાવની ફરીયાદ તા.૧૬/૧/૨૦૧૪ ના રોજ આપવામા આવેલ છે. તેમજ આંક–૧૦ ના તબીબ સાહેદના પુરાવા મુજબ તા.૧૬/૧/૨૦૧૪ ના રોજ ઈજાપામનાર સાહેદ મફતભાઈ વસાભાઈ રબારી તેમજ કલ્યાણભાઈ વીહાભાઈ

રબારીને તેમની સમક્ષ સારવાર માટે લાવવામા આવેલા હતા. તે પૈકી આ કામે મરણજનાર કલ્યાણભાઈ વીહાભાઈ રબારી, ઉ.વ.૭૦ ને પોલીસ યાદી વગર રાતના ૧.૩૦ કલાકે લાવવામા આવેલા છે અને તેઓને પુછતાં ''અજાણ્યા લોકોએ તેઓ ઉપર લાકડીઓ વડે હુમલો કરેલ અને તેઓને તપાસતા ભાનમા હતા અને હૃદય અને શ્વાસની ક્રિયાઓ સામાન્ય હતી અને ડાબા હાથના કાંડા, જમણા હાથના ખભા, કોણીના વચ્ચેના ભાગે બાવળા ઉપર અસ્થીભંગ હતો અને ઈજાઓ તાજી હતી અને બચાવ પક્ષ તરફેની ઉ.ત.માં સદર તબીબ સાહેદ દ્વારા કબુલાત કરેલ છે કે, હાથની ઈજાઓના કારણે મૃત્યુ થઈ શકે નહી અને દર્દીઓએ બનાવ તેમની પાસે સારવાર માટે આવ્યા તેના કેટલા સમય પહેલા બનેલો તે જણાવેલ નહી અને તેમણે પુછેલ નહી. જયારે ફરીયાદ પક્ષના તબીબ સાહેદ નં.૩ ના ડો. અનીશકુમારના આંક–૨૩ ના પુરાવા મુજબ કલ્યાણભાઈ વીહાભાઈ રબારીને તેમની સીવીલ હોસ્પીટલ અમદાવાદથી તેમની સમક્ષ તા.૧૭/૩/૨૦૧૪ ના રોજ લાવવામા આવેલા છે અને ઈજાપામનારના પુત્ર મણકાભાઈ એ જણાવેલ કે, તા.૧૫/૩/૨૦૧૪ ના રોજ ૦.૧૫ કલાકે ખેડબ્રહમા સાબરકાંઠા જીલ્લામા માથામા તથા શરીરના અન્ય ભાગે ઈજાઓ કરવામાં આવેલ. તેમજ મરણજનારની લાશનુ પી.એમ. કરનાર તબીબ સાહેદ ડો.હરીન એ. યાદવના આંક–૧૬ ના પુરાવા મુજબ મરનારની લાશ દફનાવેલ હતી અને ૧૪/૩/૨૦૧૪ ના રોજ યાદી મળેલી અને મરનારની લાશ દફનાવેલ હોય બહાર કાઢેલી અને મરનારના પુત્ર મણકાભાઈ એ ઓળખી બતાવેલી અને મરણજનારની લાશનુ પરીક્ષણ કરેલ અને મૃતદેહના માથાના જમણી બાજુએ આગળના ભાગે ૧૫ સે.મી.×૨૦ સે.મી. લંબગોળાકાર ઘા જોવા મળેલ અને સર્જીકલ ઘા હતો એટલે કે તેના ઉપર ઓપરેશન કરી સારવાર કરેલ હતી. આમ, જયારે આ કામે કહેવાતો બનાવ તારીખ : ૧૫/૧/૨૦૧૪ ના રોજ બનેલ છે અને આ કામના ઈજાપામનાર મફતભાઈ અને મરણજનાર કલ્યાણભાઈને ઈજાની સારવાર માટે તારીખ: ૧૬/૧/૨૦૧૪ ના રોજ ખેડબ્રહમા સીવીલમા સાહેદ નં.૧ સમક્ષ તબીબ સારવાર માટે લાવવામા આવે છે અને તબીબ સાહેદના પુરાવા મુજબ મરણજનારને જે ઈજાઓ તેમના પુરાવામાં જણાવેલ છે તે તમામ ઈજાઓ હાથ ઉપર અસ્થીભંગની હોવાનુ જણાવેલ છે અને ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતાં, ઈજાઓ મૃત્યુ નિપજાવવા માટે પુરતી નથી તેમ કબુલ કરેલ છે. ત્યારબાદ મરણજનાર કલ્યાણભાઈ

ને તા.૧૭/૩/૨૦૧૪ ના રોજ ફરીયાદ પક્ષના સાહેદ નં.૩ અનીશકુમાર સમક્ષ લઈ જવામાં આવે છે અને સદર તબીબ સાહેદ સમક્ષ મરણજનાર ધ્વારા ઈજાની હીસ્ટ્રીમાં તા.૧૫/૩/૨૦૧૪ ના રોજ ૦.૧૫ કલાકે ખેડબ્રહમા જીલ્લા સાબરકાંઠામાં માથામાં તથા શરીરના અન્ય ભાગોમાં ઈજા કરવામાં આવેલી. તેમજ આ કામે મરણજનારની લાશનુ પી.એમ. તા.૧૪/૩/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ હોવાની હકીકત સાહેદ નં.ર ડો.હરીન એ. યાદવના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવે છે. આમ, ઉપરોકત તબીબ સાહેદોના પુરાવા, તબીબી પ્રમાણપત્ર, પી.એમ. નોટ, મેડીકલ કેસ પેપર્સમા ઈજાપામનાર અને મરણજનાર કલ્યાણભાઈને થયેલ ઈજાઓની અને હાલના કેસના બનાવની તારીખ સંબંધે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે તેમજ બનાવ તારીખ : ૧૫/૧/૨૦૧૪ ના રોજ બનેલ છે અને પી.એમ. તા.૧૪/૩/૨૦૧૪ ના રોજ થયેલ છે અને તબીબ સાહેદના પુરાવા મુજબ લાશ સડવા લાગેલ હતી તેમજ માથાના ભાગે ઓપરેશન કરાવેલ હતુ. પરંતુ, તા.૧૬/૧/૨૦૧૪ ના રોજની પ્રથમ સારવાર વખતે માત્ર અને માત્ર હાથના ભાગે અસ્થી ભંગ સહીતની ઈજાઓ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે અને ત્યારબાદ લગભગ બે એક માસ બાદ તા.૧૭/૩/૨૦૧૪ ના રોજ મરણજનારની સારવાર કરનારના પુરાવા મુજબ માથાના ભાગે ઈજાઓ હોવાનુ જણાવે છે. આમ, ઈજાઓ બાબતે અને ઈજાની હીસ્ટ્રી બાબતે તેમજ ઈજાના પ્રકાર બાબતે મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે તેમજ ઈજા પામનાર અને મરણજનારને ઈજાની પુરતી સારવાર આપ્યા વિના ડોકટરની સલાહ વિરુધ્ધ ઘરે લઈ જવામાં આવેલા છે અને ત્યારબાદ મરણજનાર મૃત્યુ પામેલા છે તેવી તબીબ સાહેદના પુરાવા પરથી હકીકત રેકર્ડ ઉપર આવે છે તે તમામ હકીકતો ધ્યાને લેતાં, મરણજનારનુ મૃત્યુ ચોકકસ કયા કારણોથી અને કેવા પ્રકારની ઈજાઓથી થયેલ તે હકીકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી મરણજનારનુ મૃત્યુ અકુદરતી–સાપરાધ મનુષ્યવધ હોવાનું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય ''**નકાર**''માં ઠરાવવામા આવે છે.

**મુદ્દા નં.૨**

(૧૯) હવે આ કામે ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાઓ ઉપરથી આ કામના મરણજનારનુ ખૂન આ કામના આરોપીઓ લૂંટ દરમ્યાન કરવામાં આવેલ ઈજાઓના કારણે થયેલ છે કે કેમ?

તે સંબંધે ફરીયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદ પક્ષે **સાહેદ નં.૪ પંચ– શૈલેષકુમાર પોપટલાલ મહેતાને આંક–૩૪** થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૭/૧/૨૦૧૪ ના રોજ પોલીસે તેમને ખેડબ્રહમા પો.સ્ટે. તા.૧૬/૧/૨૦૧૪ ના રોજ રાત્રીના દોઢ વાગે શ્યામનગર મુકામે આવેલ માણેકનાથ મંદિરમાં અજાણ્યા માણસોએ મંદિરમાં ઘુસી અંદર સુતેલા માણસોને ડંડાથી તેમજ ગડદાપાટુનો માર મારી મંદિરની દાન પેટીમાંથી રોકડ રકમ તેમજ સાહેદ ભીખુસિંહનો મોબાઈલની લુંટ કરેલ તેમજ ખેડબ્રહમાના જૈન મંદિરનું તાળુ તોડી મંદિરમાંથી દાનપેટી ચોરી કરી લઈ ગયેલ હોય જે બાબતે ખેડબ્રહમાના જૈન મંદિરનું પંચનામુ કરવાનું હોઈ અને સદર જગ્યા ગોબરજી કડવાજી ઠાકોર, રહે.ખેડબ્રહમનાઓ બતાવતા હોઈ તેઓ અને તેમની સાથેના પંચ હસમુખલાલ વર્ધમાનદાસ મહેતા સદરહું જગ્યા જૈન દેરાસરે ગયેલ. સદર મંદિર પૂર્વ દિશામાં આવેલ હતું. સદર મંદિરમાં પ્રવેશતા શ્રધ્ધાળું ને બેસાવા માટેનું સ્થળ આવેલ છે. તેમાં દાનપેટી હતી. જે ગોબરજી જણાવે છે કે, તે દાનપેટીમાં અંદાજીત સાડા ત્રણ થી ચાર હજારની રકમ ચોરી થયેલ છે. દાનપેટીની જગ્યા મુકી ઉપરના ભાગે મંદિરનો ગૃહ આવેલ છે જેમાં મહાવીરશ્વામીની મૃતિ આવેલ છે તે જગ્યાએથી દાનપેટી સિવાય અન્ય કોઈ ચીજવસ્તુની ચોરી થયેલ નથી તેવું ગોબરજીએ જણાવેલું. મંદિરની ઉત્તરે તથા દક્ષિણે પરિક્રમા ની જગ્યા આવેલ છે અને સદર જગ્યાએ જોતા કોઈ નોંધપાત્ર નિશાન જોવા મળેલ નહી કે, પોલીસે તપાસ અર્થે કઈક કબજે કરેલ નહી. તે મુજબનું પંચનામુ પંચનામાની વિગતે લખેલ હોવાનુ જણાવી આંક–૩૫ ના બનાવવાળી જગ્યાના પંચનામામાં પંચ નં.૧ તરીકે પોતાની અને પંચ નં.૨ તરીકે અન્ય પંચ હસમુખભાઈ વર્ધમાનભાઈ મહેતાની સહી ઓળખી બતાવે છે.

(૧૯.૧) ઉપરોકત પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, તેઓ માત્ર મહાવીરશ્વામી જૈન મંદિર ખેડબ્રહમા મુકામે ગયેલા બીજી કોઈ જગ્યાએ ગયેલા નહી.

(૧૯.૨) આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવા પરથી બનાવવાળી જગ્યાનુ આંક–૩૫ વાળુ પંચનામુ સદર પંચની હાજરીમાં પંચનામાની વિગતે કરવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે અને તેનુ આરોપી પક્ષે ખંડન કરેલ નથી. જેથી પંચનામાની

હકીકતોને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.

(૨૦) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૫ ફરીયાદી ગોબરભાઈ મેઘાભાઈ દેસાઈને આંક–૩૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તા.૧૫/૦૧/૨૦૧૪ ના રોજ તેઓ શ્યામનગર મંદિરેથી રાત્રે આઠ એક વાગે ઘરે ગયેલો. તેના બે દિવસ અગાઉ શ્યામનગર મંદિરે આવેલો અને રોકાયેલો હતો. તે અરસામાં તેમણે ખેડબ્રહમા પો.સ્ટેશને જાણ કરેલ અને કહેલ કે, તેમના મંદિરે કોઈ અઘટીત બનાવ ન બને તે માટે પેટ્રોલીંગ કરવાની તેમણે વિનંતી કરેલી. તે કારણે તેઓ ગાડી લઈને પેટ્રોલીંગ કરવા માટે આવતા હતા. તેઓ તા.૧૫/૦૧/૨૦૧૪ ના રોજ દાવડ તેમના ઘરે ગયા તે વખતે પુજારી મફતભાઈ તથા મીતુસિંહ ચૌહાણ, રહે.રાજસ્થાનવાળા કે જેઓ ટ્રેકટરના ડ્રાઈવર હોય તે તથા તેઓ ઘરે જતા હતા તે વખતે બાજુમાં આવેલ પરોયા ગામના કલ્યાણભાઈ વિહાભાઈ રબારીનાઓને મંદિરમાં સુવા માટે કહેલું. જેથી તેઓ ત્યાં મંદિરમાં રોકાવવા માટે આવેલા. જેથી તેઓ ત્રણેય જણા મંદિરનો મુખ્ય દરવાજો બંધ કરીને અંદર સુઈ ગયેલા. તે દરમ્યાન રાત્રે એટલે કે, તા.૧૬/૦૧/૨૦૧૪ ના વહેલી સવારે એટલે કે, દોઢ–પોણા બે વાગે તેમના મોબાઈલ ઉપર મીહુસિંહ ચૌહાણનો ફોન આવેલો અને તેમને જણાવેલ કે, ચોરો મંદિરની અંદર ગુસી ગયેલ છે અને પુજારી મફતભાઈને માર મારીને તેઓના હાથ તોડી નાખેલ છે અને કલ્યાણભાઈને માથાના ભાગે સખત માર મારેલ છે તેથી તેઓ બેભાન થઈ ગયેલ છે. વધુમાં કહેલ કે, ''આ ચોરોએ દાનપેટી તોડી અને અંદરથી પૈસા લુંટી ગયેલ છે તેમજ મંત્રીનો રૂમ ખોલીને તમારી તિજોરીને તોડી નાખેલ છે તેમજ મને પણ માર મારેલ છે,'' તેવી વાત કરેલી. જેથી તેમણે તેઓને કહેલ કે, નજીકમાં પરોયા ગામ આવેલ છે ત્યાં તથા ગાડુ ગામના તેમના સમાજના પરિચીત વ્યકિતઓને તેમણે ફોનથી જાણ કરેલી અને બનાવની જાણ કરી વિગત આપેલી. ત્યારબાદ આ ઈજા પામનારાઓને તાત્કાલીક પ્રથમ ખેડબ્રહમા સિવિલમાં લઈ ગયેલા. તેઓને વધારે વાગેલ હોવાથી તરતજ સીવીલ હોસ્પીટલ હિંમતનગર રીફર કરેલા અને ત્યાં દાખલ કરેલા. ત્યારબાદ વહેલી સવારે આસરે આઠ એક વાગે તેઓ હિંમતનગર સીવીલમાં પહોચેલા અને ડોકટર સાહેબને મળેલા અને કલ્યાણભાઈને જોયેલ તો તેઓને વાગેલ હતુ અને બેભાન અવસ્થામાં દાખલ હતા. મફાભાઈને મળેલો અને જોયેલ તો તેઓના જમણા હાથે વાગેલ હતુ જેથી વધુ સારવાર માટે ડૉ.રાજુભાઈ નાયકના દવાખાને

હિંમતનગર લઈ જઈ ત્યાં દાખલ કરેલ હતા અને મિઠુસિંહને જોયેલ તો તેમને ઓછું વાગેલ હતુ જેથી દવા સારવાર કરાવી અને મંદિરે કોઈ ન હોવાથી પરત લાવેલા. કલ્યાણભાઈ ને થયેલ ઈજાઓ ગંભીર હોવાથી તેમના ટ્રસ્ટીઓને તેમણે બોલાવતા તેઓ પણ હિંમતનગર આવેલ હતા અને તેઓ બધાએ કલ્યાણભાઈને વધુ સારવાર માટે વી.એસ હોસ્પીટલ અમદાવાદ લઈ ગયેલા અને ત્યાં સારવાર માટે દાખલ કરેલા. આ બનાવની ફરીયાદ તેમણે ખેડબ્રહમા પો.સ્ટેશને આપેલી હોવાનુ જણાવી આંક–૩૯ થી રજુ ફરીયાદમા પોતાની ફરીયાદી તરીકેની સહી ઓળખી બતાવેલ છે. વધુમા ફરીયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, ત્યારબાદ તેઓ શ્યામનગર મંદિરે ગયેલ અને મિઠુસિંહે ફોન ઉપર કહેલ તે મુજબની લુંટ તથા નુકશાન થયેલ હતુ. મંદિરની દાનપેટીમાંથી ચોકકસ કેટલી રકમની લુંટ થયેલી તે તેઓ કહી શકે નહી. મંદિરમાં ચાંદીના ત્રણ–ચાર છતર હતા તે પણ આ લોકો લુંટી ગયેલા તેમજ મિઠુસિંહના મોબાઈલ પણ લુંટી ગયેલા. તે રાત્રે ખેડબ્રહમામાં જૈન દેરાસરમાં તેમજ ગોતા રોડ ઉપર પણ કેટલાક માણસોને માર મારી લુંટેલાની વિગતો જાણેલી.તેમણે ફરીયાદ આપ્યા બાદ પોલીસે માણેકનાથ મંદિરની સ્થળ તપાસ કરી અને પંચોની હાજરીમાં પંચનામુ કરેલું તે વખતે તેઓ ત્યાં હાજર હતા. ત્યારબાદ તારીખ:–૨૯/૦૧/૨૦૧૪ ના રોજ કલ્યાણભાઈને અમદાવાદ હોસ્પીટલમાંથી ડોકટરે રજા આપેલ ન હોવા છતાં તેમના ઘરના માણસો તેમના ઘરે પરોચા ગામે લાવેલા અને ત્યારબાદ ઘરે લાવ્યા પછી તેઓ ગુજરી ગયેલા. ત્યારબાદ તેમના સગા સબંધીઓએ તેમની લાશને જમીનમાં દફનાવી દીધેલી. ત્યારબાદ આ કામે પાછળથી પોલીસને ખબર પડતા પી.એમ. કરાવવું જરૂરી હોય જેથી પ્રાંત અધિકારીની મંજૂરી મેળવીને આ લાશને જમીનમાંથી પંચોની હાજરીમાં પી.એમ. માટે કાઢવામાં આવેલી અને ત્યારબાદ પોલીસે તેઓને ત્યાં બોલાવેલ અને તે લાશનું વિડીયોગ્રાફી કરવામાં આવેલું અને તેનું ઈન્કવેસ્ટ પંચનામુ ભરવામાં આવેલું અને તે લાશનું સ્થળ ઉપર ડોકટરોની ટીમે પી.એમ. કરેલું અને ત્યારબાદ કલ્યાણભાઈ વિહાભાઈ રબારીની લાશને પાછી તે જ જગ્યાએ દફનાવી દીધેલી.

(૨૦.૧) ઉપરોકત ફરીયાદીની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે, જે દિવસે બનાવ બનેલ તે દિવસે તેઓ તેમના ઘરે હતા અને આ બનાવ તેમણે નજરે જોયેલ નથી અને બનાવ અંગેની માહિતી તેમને ટેલીફોન દ્વારા જણાવવામાં આવેલી અને બનાવ

અંગેની તેમને જાત માહિતી નથી. તેમજ કબુલ કરેલ છે કે, બનાવ અંગેની તમામ માહિતી બીજા દિવસે મળેલી અને પછી ટ્રસ્ટીઓ સાથે મળી ફરીયાદ કરેલી. તેમજ કબુલ કરેલ છે કે, તેમણે અને ટ્રસ્ટીઓએ ભેગા મળી લખાવેલી, બધા ટ્રસ્ટીઓએ ફરીયાદ કરવાનું નિર્ણય કરી ફરીયાદ કરેલી.

(૨૦.૨) હવે ઉપરોકત ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, બનાવ તારીખ : ૧૫/૧/૨૦૧૪ ના રોજ ફરીયાદી દાવડ તેમના ઘરે હતા અને બનાવ તેમણે નજરે જોયેલ નથી તેમજ તેમના પુરાવા પરથી બનાવ વખતે મંદીરમાં મફતભાઈ, મીતુસીહ ચૌહતણ અને કલ્યાણભાઈ વીહાભાઈ રબારી સુઈ ગયેલા હોવાની અને મીહુસીહ ચૌહાણે તેઓને દોઢ પોણા બે વાગે તેમના મોબાઈલ ઉપર ચોરો મંદીરની અંદર ઘુસી ગયેલ હોવાની અને મફતભાઈ અને કલ્યાણભાઈને માર મારેલ હોવાની અને દાનપેટી તોડી અંદરથી પૈસા અને મંત્રીના રુમની તીજોરી તોડી નાખેલ હોવાની અને મીતુસીહને પણ માર મારેલ હોવાની હકીકત ફોન ધ્વારા મીતુસીહે જણાવેલ છે. પરંતુ, ફરીયાદીના પુરાવામાથી હાલના આરોપીઓએ જ બનાવ તારીખના રોજ રાત્રીના સમયે મંદીરના દરવાજાની જાળીનુ તાળુ તોડી, અંદર પ્રવેશ કરેલ હોવાની કે હાલના આરોપીઓએ જ લૂંટ કરેલ હોવાની અને આ કામના ઈજાપામનાર સાહેદો ને ઈજાઓ પહોચાડેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં ફરીયાદીના પુરાવા મુજબ તા. ૨૯/૧/૨૦૧૪ ના રોજ કલ્યાણભાઈને અમદાવાદ હોસ્પીટલમાથી રજા આપેલ ન હોવા છતા તેમના ઘરના માણસો પરોયા ગામે લાવેલા અને ઘરે લાવ્યા પછી તેઓ ગુજરી ગયેલા હોવાનુ જણાવે છે. જેથી ફરીયાદીના પુરાવા પરથી બનાવવાળી જગ્યાએ આવેલા મંદીરમાં લૂંટ થયેલ હોવાની અને તે સમયે મંદીરમાં હાજર ઈજાપામનાર મફતભાઈ, મીતુસીહ તથા કલ્યાણભાઈને ઈજાઓ થયેલ હોવાની અને ઈજાની સારવાર દરમ્યાન કલ્યાણભાઈ મરણ પામેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતુ, હાલના આરોપીઓએ જ મરણજનારને કહેવાતી ઈજાઓ પહોચાડી ખુન કરેલ હોવા બાબતેની કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૨૧)** ફરીયાદ પક્ષે **સાહેદ નં.૬ રમેશભાઈ કલાભાઈ રબારીને આંક–૪૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આ બનાવ તા.૧૬/૧/૨૦૧૪ ના રોજ બનેલો તે દિવસે તેઓ તેમના ઘરે રાત્રે સુતા હતો

તે વખતે રાત્રીના બે–એક વાગે તેમના મંદિરની બાજુમાં રહેતા પ્રજાપતિ ભાઈના ફોનથી મીઠુભાઈએ તેમને ફોન કરેલ સમાચાર આપેલ કે, મંદિરમાં ચોર આવેલ છે અને તેવોએ મંદિરમાં રહેતા મફાભાઈ તથા કલ્યાણભાઈ રબારીને લાકડાના ધોકાઓથી માર મારેલ છે તેમજ ઝારીનું તાળું તોડી નાખેલ અને મંદિરનો ભંડારો પણ તોડી નાખેલ છે અને ઓફીસની તિજોરી તોડી નાખી લુંટી ગયેલ અને મીઠુંસિંહનો મોોબાઈલ પણ લુંટી ગયેલ છે આવી વાત કરતા હું તરતજ મંદિરે ગયેલો ત્યાં તોડફોડ કરેલ અને લુંટ કરેલી હતી. તે વખતે તેમના સમાજના માણસો આવી ગયેલા અને મફતભાઈ તથા કલ્યાણભાઈને હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને તેઓએ મફાભાઈ તથા કલ્યાણભાઈને ખુબજ માર મારેલ અને તેમનો મોબાઈલ લઈ ગયેલ જેથી તેઓ બધા ખેડબ્રહમા સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા મફાભાઈ તથા કલ્યાણભાઈને વધુ સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ કલ્યાણભાઈને માંથામાં વધું વાગેલ હોવાથી વી.એસ. હોસ્પિટલમાં લઈ ગયેલા હતા. ત્યાં વીસેક એક દિવસ રાખેલા અને સારવાર દરમ્યાન તેઓ ગુજરી ગયેલા. આ બનાવની ફરીયાદ ગોબરભાઈએ આપેલી. પોલીસે તેમની પુછપરછ કરેલી.

(૨૧.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે બનાવ વખતે તેઓ ઘરે હતા અ ને બનાવ અંગેની હકીકતનો તેમને ટેલીફોન આવતાં ખ્યાલ આવેલો અને કબુલ કરેલ છે કે, બનાવ અંગેની હકીકત તેમને વાતો વાતથી ખ્યાલ આવેલો, બનાવ બનતો નજરે જોયેલ નથી.

(૨૧.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ બનાવ તારીખના રોજ ઘરે હતા અને બનાવ વાળી જગ્યાના મંદીરની બાજુમા રહેતા પ્રજાપતિ ભાઈના ફોનથી મીઠુભાઈએ ફોન કરી તેમને બનાવની જાણ થયેલ છે અને મંદીરમાં લૂંટ થયેલ હોવાની અને મફાભાઈ તથા કલ્યાણભાઈને લાકડાના ધોકાઓથી માર મારેલ હોવાની હકીકત જાણેલ છે. પરંતુ સદર સાહેદે બનાવ નજરે જોયેલ નથી. તેમજ સદર સાહેદના પુરાવામાંથી હાલના આરોપીઓએ જ લૂંટ કરેલ હોવાની અને લૂંટ દરમ્યાન ઈજા પામનારાઓને ઈજાઓ પહોચાડેલ હોવાની અને આરોપીઓ દ્વારા પહોચાડવામા આવેલ ઈજાઓના કારણે જ મરણજનાર કલ્યાણભાઈનુ મૃત્યુ થયેલ હોવાની હકીકત રેકર્ડ

ઉપર આવતી નથી. વધુમા સદર સાહેદ તેમના પુરાવામાં મરણજનારને વી.એસ.હોસ્પીટલ માં લઈ ગયેલા અને વીસેક દિવસ રાખેલા અને સારવાર દરમ્યાન તેઓ ગુજરી ગયેલ હોવાનુ સરતપાસમાં જણાવ છે. આ અનુસંધાને ઉપરોકત વી.એસ. હોસ્પીટલના તબીબ સાહેદ નં.૩ ના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, તેઓને મુદામાલ લાકડીઓ બતાવવામા આવતા જોઈને જણાવે છે કે પેશન્ટને થયેલી ઈજા હાલના તબકકે સદર લાકડીઓથી થયેલી કે કેમ તે તેઓ કહી શકે નહી કારણ કે પેશન્ટે બીજી જગ્યાએ સારવાર આપવામા આવેલ હતી અને સ્ટીચીસ લેવામાં આવેલ હતા. તેમજ સરતપાસમાં વધુમાં એવી હકીકત પણ જણાવેલ છે કે પેશન્ટને તેમની હોસ્પીટલમાં તા.૧૭/૧/૨૦૧૪ ના રોજ ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ થયેલા અને સદર પેશન્ટ ડોકટરની સલાહ વિરુધ્ધ તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ લઈ જવામાં આવેલા. તેમજ બચાવપક્ષ તરફેની ઉ.ત. મા કબુલ કર્યા મુજબ ડોકટરની સલાહ વિરુધ્ધ પુરતી સારવાર લીધા વગર તેની જાતે ચાલી જાય તો સારવારમા બ્રેક પડવાના કારણે પણ તકલીફ થઈ શકે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં પણ હાલના આરોપીઓને ગુનામાં સાંકળતી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર ફરીયાદ પક્ષ સ્પષ્ટ અને સચોટ પુરાવાથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૨) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૭ હીરાભાઈ રામાભાઈ રબારીને આંક–૪૫** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ તારીખ : ૧૬/૧/૨૦૧૪ના રોજ બનેલો તે દિવસે તેઓ તેમના ઘરે હતા. તે દિવસે સવારના છ એક વાગ્યે હાથરવા ગામે બહેચરભાઈનો ફોન તેમની ઉપર આવેલો અને તેમને જાણ કરેલ કે, મંદિરમાં ચોર આવેલ છે અને તેઓએ મંદિરમાં રહેતા મફાભાઈ તથા કલ્યાણભાઈ રબારીને લાકડાના ધોકાઓથી માર મારેલ છે તેમજ ઝારીનું તાળું તોડી નાખેલ અને મંદિરનો ભંડારો પણ તોડી નાખેલ છે અને ઓફીસની તિજોરી તોડી નાખી લુંટી ગયેલ અને મીઠું સિંહનો મોબાઈલ પણ લુંટી ગયેલ છે આવી વાત કરતા તેઓ તરતજ મંદિરે ગયેલો ત્યાં તોડફોડ કરેલી હતી અને લુંટ કરેલી હતી. તે વખતે તેમના સમાજના માણસો આવી ગયેલા અને મફતભાઈ તથા કલ્યાણભાઈને હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને તેઓએ મફાભાઈ તથા કલ્યાણભાઈને ખુબજ માર મારેલ અને મારો મોબાઈલ લઈ ગયેલ જેથી અમો બધા ખેડબ્રહમા સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા મફાભાઈ તથા

કલ્યાણભાઈને વધુ સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ કલ્યાણભાઈને માંથામાં વધું વાગેલ હોવાથી વી.એસ. હોસ્પિટલમાં લઈ ગયેલા હતા. ત્યાં વીસેકએક દિવસ રાખેલા અને સારવાર દરમ્યાન તેઓ ગુજરી ગયેલા. આ બનાવની ફરીયાદ ગોબરભાઈએઆપેલી. પોલીસે તેમની પુછપરછ કરેલી.

(૨૨.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને બનાવ અંગેની મીહતી તેમને ટેલીફોન આવતાં ખ્યાલ આવેલો અને બનાવ અંગેની હકીકત વાતો વાતથી ખ્યાલ આવેલ, બનાવ બનતો તેમણે નજરે જોયેલ નથી.

(૨૨.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ બનાવ તારીખના રોજ ઘરે હતા અને હાથરવા ગામે બહેચરભાઈનો તેમના પર ફોન આવેલ અને બનાવની જાણ કરેલ જેથી સદર સોહદને મંદીરમાં ચોર આવેલા અને મંદીરમા રહેતા મફાભાઈ અને કલ્યાણભાઈને લાકડાના ધોકાથી માર મારેલ હોવાની હકીકતની ખબર પડેલ છે તેમજ મંદીરમા ભંડારો અને ઓફીસની તીજોરી તોડી લૂટ કરેલાની અને મીઠુસીહનો મોબાઈલ લૂંટી ગયેલાની હકીકત ખબર પડેલ છે. પરંતુ સદર સાહેદે કહેવાતો બનાવ નજરે જોયેલ નથી તેમજ સદર સાહેદના સમગ્ર પુરાવાને ઘ્યાને લેતાં આ કામના આરોપીઓ જ લૂંટ કરેલ હોવાની અને લૂંટ દરમ્યાન ઈજાપામનારાઓને ઈજાઓ પહોચાડેલ હોવા બાબતે કે મરણજનારનુ આરોપીઓ ઘ્વારા પહોચાડવામાં આવેલ ઈજાઓના કારણે મૃત્યુ થયેલ હોવા બાબતેની કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૨૩)** ફરીયાદ પક્ષે **સાહેદ નં. ૮ મફતભાઈ વસાભાઈ રબારીને આંક–૪૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે પાંચેક વર્ષ પહેલા તેઓ માણેક જ્ઞાતી મંદિર શ્યામનગર , ખેડબ્રહમા ખાતે મંદીરમાં સેવા પુજા કામઅર્થે નોકરી કરતા હતા, તે વખતે મહંત તરીકે ભગવાનદાસજી હતા, મંદીરના મંત્રી તરીકે ગોબરભાઈ દેસાઈ, દાવડવાળા હતાં. બનાવ વર્ષ–૨૦૧૪ના જાન્યુ.માસમાં બનેલો, તે રાત્રીના તેઓ આ મંદીરના ભગવાનના ઘ્વાર આગળ ઉંઘેલ હતા, અને તે વખતે મંદીરમાં પરોયાના કલ્યાણભાઈ વિહાભાઈ પણ ઉંઘેલા હતાં, તથા એક વ્યકિત મીઠુસિંહ રતનસિંહ નાઓ પણ હતા. રાત્રીના આશરે દોઢ થી પોણા બે વાગ્યે ચાર માણસોને તેમણે

અજવાળામાં જોયેલા, તેઓએ મંદીરનું લોક તોડી મંદીરમાં પ્રવેશ કરેલો. તે લોકો ગૌચરમાં થી લાકડા કાપીને સાથે લાવેલ હતાં, તેનાથી કલ્યાણભાઈ (ભાભાને) માથાના ભાગે તથા તેમને જમણા હાથે મારતા તેમને બે જગ્યાએ ફ્રેકચર થયેલ જેથી તેમને સળીયા નંખાવવા પડેલા અને મીઠુસિંહનાઓને કમ્મરના ભાગે માર મારેલો. જેથી તેમણે મીઠુસિંહએ બેઠો કરેલો અને પાણી પીવડાવેલુ અને તેમણે બચવા માટે કોઈ ઉપાય કરવાનુ કહેલુ, જેથી મંદીર સામે આવેલ પ્રજાપતિ આંગણવાડીમાં મીઠુસિંહને મોકલેલા અને ત્યાંથી તેમના મંત્રી ગોબરભાઈને દાવડ ફોન કરેલો. તે દરમ્યાનમાં ૧૦૮ ગાડી આવેલી અને તેઓ બધાને ખેડબ્રહમાં સીવીલમાં સારવાર માટે લઈ ગયેલા તે દરમ્યાનમાં તેમના મંદીરના સભ્યો પણ આવી ગયેલા. વધુ સારવાર માટે તેઓ ત્રણેય જણાઓને હિંમતનગર સીવીલ હોસ્પિટલે લઈ જવામાં આવેલા, ત્યાર બાદ તેમને ડો.રજુભાઈ નાયકના દવાખાને દાખલ કરેલ અને તેમની સારવારમાં ઓપરેશન કરી સળીયા નાંખેલા, અને કલ્યાણભાભા ને વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયેલા. કલ્યાણ ભાભાને થોડા સમય પછી ઘરે લાવેલા અને થોડા દિવસ બાદ તેઓ ગુજરી ગયેલા.મીઠુસિંહને સીવીલ હોસ્પિટલ – હિંમતનગર ખાતે દાખલ કરેલા. આ બનાવ અંગેની ફરીયાદ થયેલી અને ત્યાર બાદ પોલીસે તેમનો જવાબ લીધેલો. આ બનાવ વખતે મંદીરની આગળ જે લાઈટો લગાવવામાં આવેલી હતી તે પ્રકાશમાં તેઓને મારનાર વ્યકિતઓને ઓળખેલા, તેઓના નામની તેમને ખબર નથી, પરંતુ તેઓને જોયેથી તેઓ ઓળખી શકે. સાહેદને આરોપીઓ ઓળખી બતાવવા જણાવતાં,સાહેદ બે આરોપીઓને ઓળખી બતાવેલ છે, જેમાં પહેલા ઓળખેલા આરોપીનું નામ પુછતાં તે પોતાનું નામ લાડુ હમીરા હોવાનું જણાવે છે, તથા બીજાનું નામ રાજુ દિતા હોવાનું જણાવે છે. જે લાકડા ગૌચરમાંથી લાવેલા તે મુદ્દામાલવાળા લાકડા તેમને બતાવવામાં આવે તો, ઘણો લાંબો સમય થઈ ગયેલ હોઈ ઓળખી શકે નહી. તેમજ મુદ્દામાલ વાળો મોબાઈલ મીઠુસિંહનો હતો, અને તેઓ દાન પેટી તોડીને તેમાંની રકમ લઈ ગયેલા અને તિજોરી લોખંડની ટોમી વડે તોડી નાંખેલી અને ઓફિસની તિજોરીમાંની તિજોરીમાંથી પણ તોડફોડ કરી પૈસા લઈ ગયેલા.

(૨૩.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે, આ મંદીરની બાજુમાં રોડ છે અને રોડની બાજુમાં માણસોના રહેણાંકના મકાનો

આવેલા છે અને તે મકાનોમાં માણસો રહે છે. તેમજ કબુલ કરેલ છે કે, આ જગ્યાએ હાઈવે રોડ હોઈ, વાહનોની અવર જવર સતત ચાલુ હોય છે. તેમજ કબુલ કરેલ છે કે, બનાવ વખતે બનાવવાળી જગ્યાએ અંધારુ હતુ જે અજવાળુ હતુ તે આછુ અજવાળુ હતુ, ફુલ અજવાળુ હતુ નહીં. તેમજ કબુલ કરેલ છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ ઉંઘેલા હતા અને અચાનક તેમના માથાની જમણી સાઈડે ઈજા થતાં તેઓ બેભાન થઈ ગયેલો. તેમજ કબુલ કરેલ છે કે, તેઓ દવાખાને જતા તેઓ ભાનમાં હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, હું થોડો થોડો ભાનમાં હતો અને એકદમ સજાગ અવસ્થામાં ભાનમાં હતો નહી. તેમજ કબુલ કરેલ છે કે, તેમને માથામાં વાગવાથી સ્પષ્ટ દેખાતુ ન હતુ. તેમજ કબુલ કરેલ છે કે, તેમને કોર્ટમાં આ મંદીરના સંચાલક ગોબરભાઈ લઈને આવેલા છે અને તેઓ તથા ગોબરભાઈ કોર્ટની બહારના ભાગે બેઠા હતા ત્યારે આરોપી આવેલ ત્યારે ગોબરભાઈએ કહેલુ કે, આ આરોપીઓ છે.

(૨૩.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ બનાવની રાત્રી એ બનાવવાળી જગ્યાએ આવેલા મંદીરે ઉઘેલા હતા અને તેમની સાથે કલ્યાણભાઈ અને મીઠુસીહનાઓ પણ હોવાની અને રાત્રીના આશરે દોઢ થી પોણા બે વાગ્યે ચાર માણસોને તેમણે અજવાળામાં જોયેલા, તેઓએ મંદીરનું લોક તોડી મંદીરમાં પ્રવેશ કરેલો. તે લોકો ગૌચરમાંથી લાકડા કાપીને સાથે લાવેલ હતાં તેનાથી કલ્યાણભાઈ (ભાભાને) માથાના ભાગે તથા તેમને જમણા હાથે મારતા તેમને બે જગ્યાએ ફ્રેકચર થયેલ જેથી તેમને સળીયા નંખાવવા પડેલા અને મીઠુસિંહનાઓને કમ્મરના ભાગે માર મારેલો. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસ જોતાં, બનાવ બન્યો ત્યારે તેઓ ઉંઘેલા હતા અને અચાનક તેમના માથાની જમણી સાઈડે ઈજા થતાં તેઓ બેભાન થઈ ગયેલો. એક દમ સજાગ અવસ્થાની સ્થિતિમાં ભાનમાં હતો નહી. તેમજ કબુલ કરેલ છે કે, તેમને માથામાં વાગવાથી સ્પષ્ટ દેખાતુ ન હતુ અને મંદીરના સંચાલક ગોબરભાઈ લઈને આવેલા છે અને તેઓ તથા ગોબરભાઈ કોર્ટની બહારના ભાગે બેઠા હતા ત્યારે આરોપી આવેલ ત્યારે ગોબરભાઈએ કહેલુ કે, આ આરોપીઓ છે. આમ, ઉપરોકત સરતપાસ અને ઉલટતપાસની હકીકતોમાથી તદૃન વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવે છે. જેથી કહેવાતા બનાવ વખતે હાલના આરોપીઓ જે મંદીરમાં લૂંટ કરેલ હોવાની અને લૂંટ

દરમ્યાન સદર સાહેદ તેમજ અન્ય ઈજાપામનારને લાકડાના ધોકાથી ઈજાઓ પહોચાડેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં આ કામે જયારે સાહેદે તેમની ઉ.ત.માં કબુલ કરેલ છે કે તેમને કોર્ટ બહાર આરોપીઓને બતાવેલ છે જેથી ઓળખેલ છે જેથી સરતપાસમાં આરોપીઓને ઓળખેલ હોવાની હકીકત પણ અહી શંકાસ્પદ બને છે.

(૨૪) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૯ માણકાભાઈ કલ્યાણભાઈ રબારીને આંક–૫૫** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવા મુજબ તારીખ ૧૬/૧/૨૦૧૪ ના રોજ તેઓ તેમના ઘરે પરોયા મુકામે હતા અને રાત્રીના પોણા એક વાગે તેમના મોબાઈલ ઉપર માણેકનાથજી મંદીરના ટ્રસ્ટી ગોબરભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે મંદીરમા ચોરી સારુ કોઈ અજાણ્યા માણસો આવેલા અને તેમના પિતા તથા ભીખુસીહ અને મફતભાઈને માર મારેલ છે તેવી વાત કરતા તેઓ મંદીર ગયેલા અને પોલીસ આવેલ હતી અને ૧૦૮ મોબાઈલમાં ત્રણેય જણાને ખેડબ્રહમા અને વધુ સારવાર માટે હિંમતનગયર અને અમદાવાદ સીવીલમા લઈ ગયેલઅને અને તેઓ આશરે ચૌદ દિવસ જેટલુ રોકાયેલ અને તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ ડોકટરે રજા આપતા તેમના પિતાજીને ઘરે લાવેલ એ એકાદ કલાક બાદ તેના પિતાજી મરણ ગયેલા અને તેઓ કાયદાના અજ્ઞાન હોઈ પોલીસને જાણ કેરલ નહી કે પી.એમ. કરાવેલ નહી અને સામાજીક રીત રીવાજ મુજબ તેમના પિતાજીની દફન વીધી કરી દીધેલ અને પોલીસે તેમનો જવાબ લીધેલ અને તા.૧૪/૩/૨૦૧૪ ના રોજ તેના પિતાજીના મૃત્યુ બાબતેની જાણ પોલીસને કરેલ અને તેઓએ તેમના પિતાજીને જયાં દફન કરેલ હતા ત્યાથી લાશ કાઢેલ અને તેમનુ પોલીસ તથા મેડીકલ ઓફીસરની ટીમ ઉપસ્થીત રાખી પી.એમ. કરેલ અને તેમના પિતાજીની લાશ તેમને સોપતા તેમણે સામાજીક રીતરીવાજ મુજબ વીધી કરી દફન કરેલ અને તે બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો.

(૨૪.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, તેઓ એસ.ટી. ડેપોમા ડ્રાયવર તરીકે નોકરી કરે છે અને ડેપોમા ડ્રાયવર તરીકે નોકરી કરતા હોય તેમના પિતાજી મંદીરમા કયારે આવે છે અને જાય છે તેની તેમને માહીતી નથી અને કબુલ કરેલ છે કે તેમના પિતાજીને ઈજા થયા અંગેની જાણ મોબાઈલથી તેમને થયેલ અને બનાવની તેમને જાત માહીતી નથી અને બનાવ નજરે જોયેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તેમના પિતાજીની દફનવીધી તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ થયેલ અને ત્યારબાદ તારીખ

:૧૪/૩/૨૦૧૪ ના રોજ પી.એમ. કરવા સારુ લાશ બહાર કાઢેલ અને તેમના પીતાજીની દફન વીધી મીઠુ વિગેરે નાખી કરાવેલ.

(૨૪.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ આ ગુનાના કામે ઈજાપામનાર અને મરણજનાર કલ્યાણભાઈ વીહાભાઈ રબારીના પુત્ર છે અને તેમને બનાવની જાણ ફરીયાદી ગોબરભાઈ ધ્વારા ફોનથી થયેલ અને મંદીરમાં કોઈ અજાણ્યા માણસો ચોરી સારુ આવેલા તેમના પિતાજી તેમજ ભીખુસીહ અને મફતભાઈ ને માર મારેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતુ કયા આરોપી ધ્વારા શું માર મારવામા આવેલ તે બાબતે સદર સાહેદના પુરાવામાંથી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. કારણ કે સદરહુ સાહેદની ઉ.ત. ધ્યાને લેતાં તેઓ એસ.ટી.માં ડ્રાયવર છે અને તેઓને તેમના પિતાજી મંદીરમા કયારે જાય છે અને આવે છે તેની ખબર નથી. તેમજ સદર સાહેદે બનાવ પણ નજરે જોયેલ નથી. વધુમાં સદર સાહેદના પુરાવામાંથી મંદીરમાંથી શું ચોરી અથવા તો શું લૂંટ થયેલ તે બાબતે પણ કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં સદર સાહેદના પુરાવા મુજબ તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ ડોકટરે રજા આપતા મરણજનારને તેઓ ઘરે લાવેલા હોવાનુ જણાવે છે. જયારે તબીબ સાહેદના પુરાવા મુજબ ડોકટરની સલાહ વિરુધ્ધ મરણજનારને ઘરે લઈ ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે.

**(૨૫)** ફરીયાદીપક્ષે **સાહેદ નં.૧૦ ગોવાભાઈ મહાદેવભાઈ રબારીને આંક–૫૬** થી તથા **સાહેદ નં .૧૧ જોરાભાઈ દેવાભાઈ રબારીને આંક–૫૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,તા.૧૬/૧/૨૦૧૪ ના રોજ બનાવ બનેલ અને તેઓ તેમના રે હતા અને રાત્રીના સાડા બાર થી દોઢ વાગ્યાનો સમય થયો હતો અને તેમના પપ્પાના મામાના દિકરા જોરાભાઈ કે જે તેમના પાડોશમાં રહે છે અને તેમના ઉપર ફોન આવેલ કે મંદીરમા ચોર આવ્યા છે અને માણસોને માર્યા છે તો તમે ત્યાં આવો જેથી તેઓ જીપગાડી લઈને જોરાભાઈ, સોમાભાઈ, માણકાભાઈ મંદીરે ગયેલા અને મંદીરમાં કેટલાક અજાણ્યા ઈસમોએ મંદીરનુ તાળુ તોડી તેના કાકા કલ્યાણભાઈ અને મફતભાઈ તથા મીઠુસીહને માર મારેલ અને તેઓને ખેડબ્રહમા સીવીલમાં પ્રાથમીક સારવાર કરી હિંમતનગર લઈ ગયછેલા અને માણકાભાઈએ જણાવેલ કે કલ્યાણભાઈને વધુ સારવાર માટે અમદાવાદ સીવીલમા લઈ ગયેલા અને ત્યારબાદ ૧૩ દિવસ પછી ડોકટરને વાત કરેલ.

પરંતુ સારુ થતુ ન હોઈ તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ ડોકટરને કહીને ઘરે લાવેલા અને એકાદ કલાક પછી કલ્યાણભાઈ વીહાભાઈ રબારી મરણ ગયેલા. અને તેઓના મરણગયાની જાણ પોલીસને કરેલ અને પી.એમ. કરાવેલ અને બાદમાં તેમની અંતીમ વિધિ કરેલ અને પોલીસે તેમની પુછતાછ કરેલ.

(૨૫.૧) ઉપરોકત સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, કલ્યાણભાઈની ઉંમર બનાવ સમયે ૭૦ વર્ષની આસપાસ હશે અને બનાવમા તેમના પિતાજીને કોઈ ઈજા થયેલ નહી અને તેઓ બનાવવાળી જગ્યાએ પહોચ્યા ત્યારે બનાવ બની ગયેલ હતો અને બનાવવાળી જગ્યાએ ગયા ત્યારે કલ્યાણભાઈને ઈજા થયેલ હતી તે તેમણે જોયેલ અને ડોકટરે કહેલુ કે હું દર્દીને રજા ।પતો નથી પરંતુ તમારે લઈ જવા હોય તો લઈ જાવ તેવુ કહેલુ.

(૨૫.૨) આમ, ઉપરોકત સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન કરતાં સદર સાહેદને જોરાભાઈએ ફોન કરી બનાવની જાણ કરતા તેઓ જીપગાડી લઈને જોરાભાઈ તેમજ સોમાભાઈ અને માણકાભાઈ સાથે બનાવ સ્થળે ગયેલ હોવાની અને ત્યાં અજાણ્યા માણસોએ મંદીરનુ તાળુ તોડી ઈજાપામનારાઓને માર મારેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતુ સદર સાહેદના પુરાવામાં લૂંટના ગુનાને અંજામ આપેલ હોવા બાબતે કોઈ જ પુરાવો આપેલ નથી. તેમજ સદર અજાણ્યા ઈસમો હાલના આરોપી ઓ જ હોવા બાબતે સદરહું સાહેદના પુરાવામાંથી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં સદર સાહેદના પુરાવા મુજબ તારીખ ૨૯/૧/૨૦૧૪ ના રોજ મરણજનારને ડોકટરને કહીને ઘરે લાવેલા અને એકાદ કલાક પછી કલ્યાણભાઈ વીહાભાઈ રબારી મરણ ગયેલા. અને તેઓના મરણગયાની જાણ પોલીસને કરેલ અને પી.એમ. કરાવેલ અને બાદમાં તેમની અંતીમ વિધિ કરેલ જયારે માણકાભાઈના પુરાવા મુજબ તેઓ કાયદાના અજ્ઞાન હોઈ પોલીસને જાણ કેરલ નહી કે પી.એમ. કરાવેલ નહી અને સામાજીક રીત રીવાજ મુજબ તેમના પિતાજીની દફન વીધી કરી દીધેલ અને પોલીસે તેમનો જવાબ લીધેલ અને તા.૧૪/૩/૨૦૧૪ ના રોજ તેના પિતાજીના મૃત્યુ બાબતેની જાણ પોલીસને કરેલ આમ, આ કામના મરણજનાર બાબતે પોલીસને કયારે જાણ કરેલ તે બાબતે વિરોધભાસ જણાઈ આવે છે. વધુમા સદર સાહેદે બનાવ નજરો નજર જોયેલ નથી.

(૨૬) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૧૨ મીટુસીહ રતનસીહ ચૌહાણને આંક–૫૮** થી તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તારીખ ૧૫/૧/૨૦૧૪ ના રાત્રે બનેલ તેઓ માણેકનાથજી મંદીરમા સુતેલ હતા અને સાડા બારેક વાગે ચારેક જેટલા ચોરો મંદરીમાં આવેલા અને કલ્યાણભાઈ ઉર્ફે કલાભાઈ રબારીને માર મારેલ તેમજ મફાભાઈ રબારીને પણ માર મારેલ અને ચોરો લાકડીઓ લઈને આવેલા અને લાકડીઓથી માર મારેલ અને કલ્યાણભાઈને વધારે મારેલ અને લોહીલુહાણ થઈ ગયેલા અને તેમના ઉપર પણ ત્રણ ચાર જણા વિરોધ કરવા જતા ચડી ગયેલા અને તેમને પણ મારેલ તેમને જમણા પગે સાથળના ભો તથા ડાબી બાજુ કમરના પાછળના ભાગે લાકડી વડે ઈજા કરેલ. આ ચોરો તેમના પર બેસી ગયેલ અને મંદીરનો ભંડારો અને તીજોરી તોડેલ અને ઓફીસમા લૂંટ માર કરેલ અને પછી કલ્યાણભાઈને બાજુવાળા રુમમાં લઈ ગયેલ કારણ કે તે બુમાબુમ કરતા હતા, મફાભાઈના હાથે માથામાં વિગેરે જગ્યાએ ચોરોએ ઈજા કરેલ હોય તે બેભાન થઈ ગયેલા અને પછી તેમણે મંત્રી ગોબરભાઈને ફોન કરેલ અને ત્યારબાદ ચોર ભાગી ગયેલ અને પછી ગોબરભાઈ આવેલા અને પોલીસ બોલાવેલ અને કલ્યાણભાઈ તથા મફતભાઈને હોસ્પીટલ લઈ ગયેલા અને ચોરો લૂંટફાટમાં પૈસા, મંદીરના ચાંદીના દાગીના, છત્ર અને તેમનો ફોન લઈ ગયેલા અને તેમનો મોબાઈલ હતો તે ઈન્ટેકક્ષ કંપનીનો હતો તે રૂા.૧૭૦૦/– નો હતો અને મંદીરના ભંડારામાંથી તથા લૂંટફાટ કરી જે લઈ ગયેલા તે ત્રીસ થી ચાલીસ હજારની રકમ હશે તેમણે મંત્રી ગોબરભાઈને ફોન મફાભાઈના મોબાઈલ થી કરેલ અને આરોપીઓને સદર સાહેદ કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. તેમજ સદર સાહેદને મુદામાલ પાવતી નં.૧૫/૧૪ ના આર્ટીકલ નં.૧ મોબાઈલ તથા કેમેરાનુ પ્લાસ્ટીક બળી ગયેલ છે તે બતવતા તેમનો ઈન્ટેકસનો મોબાઈલ હતો અને પોલીસે કબજે લીધેલ ત્યારે તેમને બતાવેલ અને તે ઓળખી બતાવેલ છે. તેમજ મુદામાલ પાવતી નં.૧૫/૧૪ ના આર્ટીકલ નં.૨/૧ થી ૨/૩ સુધીના આંબલીના ઝાડના ડંડા બતાવતા તે અરોપીઓ મંદીર માં લુંટ કરવા આવેલ ત્યારે તેમની પાસે હતા તે જ હોવાનુ જણાવી ઓળખી બતાવે છે.

(૨૬.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે, તેમણે મંદીરની પુજા આરતીનુ કોઈ કામ કરેલ નથી, તેઓ મંદીરમા આ બનાવ પહેલાના બે ત્રણ મહીનાથી કામ કરતા હતા. તેમને એ વાતની ખબર નથી કે બે ત્રણ વર્ષ

દરમ્યાન મંદીરના પુજારી અને સેવકો બદલતા રહેતા હતા કે કેમ ? તેમને મંદીરમા કોઈ કામે રાખેલ નહી પરંતુ તેઓ ત્યાં સુવા માટે જતા હતા અને એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમને કામ મળે તો તેઓ ખેડબ્રહમા સિવાયના બીજા ગામોમા પણ જતા હતા. તેમજ બનાવ રાત્રીના બાર વાગે બનેલો અને કબુલ કરેલ છે કે જે ભગવાનને શું શું સોના ચાંદીના દાગીના કે માળાઓ હોય છે તેની તેમને ખબર નથી. તેમજ કબુલ કરેલ છે કે, ''ફરીયાદી આજરોજ મારી સાથે આવેલ છે અને ફરીયાદીએ મને આ ચારેય આરોપીઓ બતાવેલ છે કે આરોપીઓ છે.'' તેમજ કબુલ કરેલ છે કે મંદીરની બાજુમા હાઈવે રોડ છે, આજુબાજુ રહેણાંક મકાન આવેલા છે અને હોસ્ટેલ પણ આવેલી છે તેમજ કબુલ કરેલ છે કે તેમના જવાબમાં આરોપીઓ કેટલી ઉંમરના અને કયા રુપરંગના હતા તે જણાવેલ નથી.

(૨૬.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદના પુરાવા મુજબ તેઓ બનાવ તારીખના રોજ મંદીરમાં આ કામના અન્ય ઈજાપામનાર મફાભાઈ અને કલ્યાણભાઈ સાથે હાજર હોવાની અને રાત્રીના ચોરો મંદીરમા આવેલા હોવાની અને તેઓને માર મારેલ હોવાની હકીકત જણાવે છે. વધુમાં સદર સાહેદના પુરાવા મુજબ તેમને જમણા પગે સાથળના ભાગે તથા ડાબી બાજુ કમરના ભાગે લાકડી વડે ઈજાઓ કરેલ હોવાનુ જણાવે છે. પરંતુ સદર સાહેદ ધ્વારા કોઈ પણ પ્રકારની ઈજાની સારવાર લીધેલ હોય તેમ ફરીયાદ પક્ષના પુરાવામાથી રેકર્ડ ઉપર આવતુ નથી. વધુમા સદર સાહેદ તેમના પુરાવામા ચોરો લૂંટફાટમાં મંદીરના ચાંદીના દાગીના અને છતર લઈ ગયેલ હોવાનુ તેમજ તેમનો મોબાઈલ પણ લઈ ગયેલ હોવાનું જણાવે છે. પરંતુ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, ભગવાનને શું શું સોના ચાંદીના દાગીના કે માળાઓ હોય છે તેની તેમને ખબર નથી. વધુમાં સદર સાહેદના પુરાવા મુજબ તેઓએ આરોપીઓને જોયેલા હોય અને આરોપીઓએ તેઓને તથા મફાભાઈ અને કલ્યાણભાઈને માર મારેલ હોય તો પછી બચાવ પક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતાં તેમા એવી કબુલાત કરેલ છે કે, ફરીયાદીએ મને આ ચારેય આરોપીઓ બતાવેલ છે કે આ આરોપીઓ છે.આમ, સદરહું સાહેદનો પુરાવો શંકાસ્પદ બની જાય છે.

**(૨૭)** ફરીયાદ પક્ષે **સાહેદ નં.૧૩ પંચ જનકસીહ નરેન્દ્રસીહ વાઘેલાને આંક–૮૮ થી** સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આજથી ૧૧ વર્ષ અગાઉ

તેમણે શ્યામનગર ગામે આવેલ માણેકનાથ મંદીરમા ચોરી થયેલાનુ સાભળેલ અને તેમા કલ્યાણભાઈ વીહાભાઈ રબારીને ઈજાઓ થયેલ અને સારવાર સારુ લઈ ગયેલા અને તેઓ મરણ જતા તેઓને સામાજીક રીતે પરોયા ગામે મહાદેવ મંદીરની બાજુમા તેઓની લાશ દફનાવેલી અને પોલીસ તથા ડોકટર ત્યા આવેલા અને લાશ બહાર કાઢીને તે લાશનુ ચનામુ કરેલ અને મરણજનારને માથાના ભાગે ઈજાઓ થયેલ હતી, પંચનામુ પુરુ થયા બાદ પોલીસે પંચ તરીકે તેમને સહી કરવાનુ કહેતા તેમણે તથા બીજા પંચ દેવાભાઈ શવાભાઈ વણકરનાઓએ સહી કરેલી હોવાનું જણાવી આંક–૮૯ ના પંચનામામાં સહીઓ ઓળખી બતાવેલ છે.

(૨૭.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફેની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે, તેઓ પંચનામુ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે એવુ શકય જ નથી. તેમજ કબુલ કરેલ છે કે, લાશ કાઢી ત્યારે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને તેઓ ત્યાં ઉભા હોય અને ગામના આગેવાન હોઈ તેમની સહી કરાવેલી. તેમજ કબુલ કરેલ છે કે લાશ ડાટી ત્યારે મીઠુ નાખી લાશ ડાટવામા આવેલ હતી.

(૨૭.૨) આમ, ઉપરોકત પંચની સરતપાસ ઉપરથી સદર પંચની હાજરીમા લાશનુ પંચનામુ કરવામા આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે પરંતુ ઉપરોકત ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો, તેઓ પંચનામુ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી.તેમજ કબુલ કરેલ છે કે, લાશ કાઢી ત્યારે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને તેઓ ત્યાં ઉભા હોય અને ગામના આગેવાન હોઈ તેમની સહી કરાવેલી હોવાની કબુલાત કરેલ છે. આમ, સદર પંચની હાજરીમાં લાશનુ પંચનામુ કરવામા આવેલ હોવાની હકીકત શંકાસ્પદ બની જાય છે.

**(૨૮)** ફરીયાદ પક્ષે **સાહેદ નં.૧૪ પંચ નાગજીભાઈ કલાભાઈ રબારી**ને આંક–૯૮ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, ૧૧ વર્ષ અગાઉ શ્યામનગર ગામ પાસે આવેલ માણેકનાથ મંદીરમા ચોરી થયેલ તે વખતે પોલીસ ત્યા આવેલ હતી અને ત્યા પંચનામુ કરવાનુ હતુ જેથી પંચમા રહેવાનુ કહેતા તેમણે સ્વખુશી દર્શાવેલી અને પોલીસે સ્થળ તપાસ કરેલી અને બનાવવાળી જગ્યા ખેડબ્રહમા થી વડાલી જતા રોડ ઉપર માણેકનાથ મંદીરમા આવેલી છે. ત્યાં ચોરી થયેલ તે બાબતનુ વર્ણન તેમજ જગ્યાની

આજુબાજુ આવેલ ચર્તુથ દિશાનુ વર્ણન પોલીસે પંચનામામાં લખી લીધેલ અને પોલીસે સહી કરવાનુ કહેતા તેમણે પંચનામામાં સહી કરેલી તેમજ બીજા પંચ મેવાભાઈ રબારી રાધીવાડ વાળાએ અંગુઠાનુ નીશાન કરેલ હોવાનુ જણાવી આંક-૯૯ ના પંચનામામાં પંચ નં.૧ તરીકેની પોતાની સહી ઓળખી બતાવેલ છે.

(૨૮.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલ કરેલ છે કે પોલીસે તેની જાતે પંચનામુ લખી લઈ ત્યારબાદ તેમની સહી કરાવેલી અને આ બનાવ પહેલે થી આ મંદીર તેમણે જોયેલુ જેથી તેની ભૌગોલીક પરીસ્થીતીથી વાકેફ છે.

(૨૮.૨) આમ, ઉપરોકત પંચ પોતાની સરતપાસમાં પંચનામાને સમર્થનકારી પુરાવો આપે છે. પરંતુ બચાવ પક્ષ તરફેની ઉપરોકત ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતાં સદર સાહેદ બનાવવાળી જગ્યાથી પહેલાથી વાકેફ છે અને પોલીસે તેની જાતે પંચનામુ લખી લઈ ત્યારબાદ તેમની સહી કરાવેલ હોવાનુ કબુલ કરેલ છે. જેથી સદર પંચની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકત શંકાસ્પદ બની જાય છે.

**(૨૯)** ફરીયાદ પક્ષ તરફે આંક-૧૦૧ ના ડીસ્કવરી પંચનામાના **પંચ સાહેદ નં.૧૫ અંકુરભાઈ નટવરભાઈ પટેલને** આંક-૧૦૦ થી તેમજ અન્ય **પંચ સાહેદ નં.૧૬ જય રાજેશભાઈ જાની** ને આંક-૧૦૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન આગળથી પસાર થતા હતા તે વખતે તેમને પોલીસે બોલાવી સહી કરવાનુ કહેતા તેમણે લખેલા પંચનામામાં સહીઓ કરેલ પંચનામાઓમા શુ લખેલ તે ખબર નથી. તેમજી હાજરીમા પોલીસ સ્ટેશનમા કોઈ ઈસમો હાજર હોય અને તે કઈ કહી બતાવવા માગતા હોય અને તેનુ પંચનામુ કરવાનુ હોય તેવુ બનેલ નથી કે તે ઈસમની સાથે સરકારી વાહનમા બેસી તે ઈસમના બતાવ્યા મુજબ કોઈ જગ્યાએ ગયેલ હોય અને તે જગ્યાનુ વર્ણન લખેલ હોય તેવુ બનેલ નથી. તેમણે માત્ર તૈયાર પંચનામા માં સહીઓ કરેલી. આમ, સદર પંચો પંચનામાને સમર્થન કરતા ન હોય, એ.પી.પી. શ્રીએ સદર પંચોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાની હકીકતોના સમર્થનમા કોઈ જ ફળદાયી હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૯.૧) ઉપરોકત પંચોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે, પંચનામાં સહી કરાવેલ તે સિવાય કાંઈ જાણતા નથી.

(૨૯.૨) આમ, ઉપરોકત પંચોના પુરાવા પરથી આંક–૧૦૧ વાળા ડીસ્કવરી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી અને સદર પંચોનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરુપ થતો નથી.

**(૩૦)** ફરીયાદ પક્ષ તરફે આંક–૧૦૪ ના પંચનામાના પંચ **સાહેદ નં.૧૭ ધીરેન્દ્રસીહ વીરેન્દ્રસીહ પરમારને આંક–૧૦૩** થી તેમજ અન્ય પંચ **સાહેદ નં.૧૮ ઋષભ અનીલભાઈ મીસ્ત્રી** ને આંક –૧૦૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન આગળથી પસાર થતા હતા તે વખતે તેમને પોલીસે બોલાવી સહી કરવાનુ કહેતા તેમણે લખેલા પંચનામામાં સહીઓ કરેલ પંચનામાઓમા શુ લખેલ તે ખબર નથી. તેમજી હાજરીમા પોલીસ સ્ટેશનમા કોઈ ઈસમો હાજર હોય અને તે કઈ કહી બતાવવા માગતા હોય અને તેનુ પંચનામુ કરવાનુ હોય તેવુ બનેલ નથી કે તે ઈસમની સાથે સરકારી વાહનમા બેસી તે ઈસમના બતાવ્યા મુજબ કોઈ જગ્યાએ ગયેલ હોય અને તે જગ્યાએ થી કોઈ ચીજવસ્તુ આરોપીઓએ બતાવેલ હોય અને કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. તેમણે માત્ર તૈયાર પંચનામા માં સહીઓ કરેલી. આમ, સદર પંચો પંચનામાને સમર્થન કરતા ન હોય, એ.પી.પી. શ્રીએ સદર પંચોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાની હકીકતોના સમર્થનમા કોઈ જ ફળદાયી હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૦.૧) ઉપરોકત પંચોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે, પંચનામાં સહી કરાવેલ તે સિવાય કાંઈ જાણતા નથી.

(૩૦.૨) આમ, ઉપરોકત પંચોના પુરાવા પરથી આંક–૧૦૪ વાળા પંચનામાની હકીકતો પુરવાર થતી નથી અને સદર પંચોનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરુપ થતો નથી.

**(૩૧)** ફરીયાદ પક્ષે **સાહેદ નં.૧૯ કિષ્નાબેન માધાજી ડામોરને આંક–૧૦૮** થી સોગંદ ઉપર તપાસવામા આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,તા. ૧૬/૦૧/૨૦૧૪ ના રોજ કલાક :૧૨.૪૫ વાગ્યાના સુમારે ખેડબ્રહમા પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતી તે દરમ્યાન ફરીયાદી : ગોબરભાઈ મેઘાભાઈ દેસાઈ,રહે. દાવડ, તા. ઈડરની પોલીસ સબ ઈન્સ. ખેડબ્રહમાનાઓ રુબરુની ફરીયાદ દાખલ થવા સારું તેમની તરફ આવતા તેઓએ ખેડબ્રહમા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬/૧૪, ઈ.પી.કો. કલમ : ૩૯૪ મુજબની ફરીયાદ દાખલ કરેલ. ગુન્હો દાખલ કર્યા બાદ તે અંગેની નોંધ તા. ૧૬/૦૧/૨૦૧૪ ના રોજ

કલાક ૧૨.૪૫ વાગ્યે ખેડબ્રહમા પો.સ્ટે. ની સ્ટેશન ડાયરી કરેલ. સદરહું સ્ટેશન ડાયરીની નકલમા પોતાની સહી ઓળખી બતાવેલ છે તે આંક–૧૦૯ થી રજુ થયેલ છે તેમજ ગુનાની તપાસ પો.સ.ઈ. ડી.ડી.ચાવડાને સુચીપત્ર સાથે ડેપ્યુટ કરેલ તે સુચીપત્ર આંક–૧૧૦ થી રજુ થયેલ છે અને આંક–૩૯ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે જે ગુનો રજીસ્ટર થવા સારૂ તેમના તરફ આવેલ તે તેજ હોવાનુ જણાવી ઓળખી બતાવે છે.

(૩૧.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે, ફરીયાદ નોંધ્યા સિવાય તેમણે બીજી કોઈ કામગીરી કરેલ નથી.

(૩૧.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવા પરથી ફરીયાદીની ફરીયાદ નોંધેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

**(૩૨)** ફરીયાદ પક્ષે **સાહેદ નં.૨૦ અર્જુન વિનોદભાઈ ટોલીયાને આંક–૧૧૪** થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ' સને–૨૦૧૪ ના સમયગાળા દરમિયાન હિંમતનગર એલ.સી. બી. ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા. ૧૨/૦૨/૨૦૧૪ ના રોજ સાબરકાંઠામા વિવિધ જગ્યાએ લૂંટ કરેલ આરોપીઓએ લૂંટમાં મેળવેલ મુદ્દામાલ વેચવા સારૂ હિંમતનગર ખાતે આવેલાની બાતમી મળતાં બે પંચોને એલ.સી. બી. કચેરી, હિંમતનગર ખાતે બોલાવી તેઓને તે અંગેની સમજ કરી તેઓની સાથે રાખી સરકારી વાહનમાં બાતમીવાળી જગ્યાએ હિંમતનગર મુકામે ખાડીયા વિસ્તારમાં જઈ મુદ્દામાલ વેચવા સારૂ સોનીની દુકાને આવવાના હોઈ જેથી તેની વોચ રાખી દરમિયાન શકમંદ ઈસમો આવતાં કોર્ડન કરી તેઓને પકડી લીધેલ અને તેઓના નામઠામ પુંછતા લાડુભાઈ હોમિરાભાઈ પરમાર, નરેશભાઈ ધુળાભાઈ પરમાર, રાજુભાઈ દીતાભાઈ પારઘી અને સેજુ ભાઈ ઘનાભાઈ પારઘીનાઓને પકડી પાડેલ અને તેઓને ઝડતી કરતા મળી આવેલા સોના–ચાંદીના દાગીનાની વિગત પંચનામાની વિગતે લખી લીધેલ અને તેઓને આ બાબતે પુંછતાં તેઓએ કરેલ લૂંટ અને ચોરીની વિગત જણાવતા હોઈ પંચનામાની વિગતે પંચોની હાજરીમાં લખી લીધેલ અને પંચનામામાં હાંસિયામાં અને પંચનામાને અંતે પંચોની સહીઓ મેળવેલ અને રુબરુ તરીકે તેમણે સહી કરેલ જે પંચનામુ આંક–૧૧૫ થી રજુ છે. ત્યારબાદ આરોપીઓ ડીટેઈન કરી ખેડબ્રહમા પોલીસને જાણ કરી તેઓને સોપેલ. આ સિવાય સદર ગુનાના કામે બીજી કોઈ કામગીરી કરેલ નથી.

(૩૨.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે, કયાં કેસની ચોરી, કયાં ગુના રજીસ્ટર નંબર તે અંગેની કોઈ વિગત પંચનામામાં જણાવેલ નથી. તેમજ કબુલાત કરેલ છે કે, કયાં વાહનમાં ગયેલા તેનો નંબર પંચનામામાં જણાવેલ નથી. હાલ તેમને યાદ નથી કે, જે વિસ્તારમાં તેઓ ગયેલા તે વિસ્તાર ભરચક વસ્તીવાળો અને વાહનોની અવરજવર વાળો હતો કે કેમ? હાલ તેમને યાદ નથી કે, હિંમતનગરના ખાડીયા વિસ્તારમાં ઘણી બધી દુકાનો આવેલી છે કે કેમ? તેમજ કબુલ કરેલ છે કે, આરોપીઓ કદ, કાઠી અને ઉંમર અંગેનું કોઈ વર્ણન પંચનામામાં કરેલ નથી.

(૩૨.૨) આમ, ઉપરોકત ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતાં ઉપરોકત સાહેદ ધ્વારા જે આંક-૧૧૫ વાળુ પંચનામુ પંચો રુબરુ કરવામાં આવેલ છે તે પંચનામુ હાલના ગુનાના કામે કરવામાં આવેલ હતુ કે કેમ ? તે હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવતી નથી. તેમજ જે આરોપીઓના નામ સદર સાહેદના ધ્વારા તેમના પુરાવામાં જણાવેલ છે તે જ આરોપીઓએ હાલના ગુનાના કામે ભાગ ભજવેલ છે કે કેમ ? તે હકીકત પણ ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર સ્પષ્ટપણે લાવી શકેલ નથી.

**(૩૩)** ફરીયાદ પક્ષે **સાહેદ નં.૨૧ મહંમદનુર અહેમદીભાઈ વકતાપુરીયાને આંક-૧૧૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આજથી દસ અગિયાર વર્ષ પહેલા હિમતગનર જુના બજારમાં આવેલ ત્રણ ખુણીયા ઓટલા પાસે આવેલ ચા ની હોટલ ઉપર તેઓ તેમજ કનૈયાલાલ સીંઘી ઉભા હતા ત્યારે ત્યાં પોલીસ આવેલી અને તેમને અને કનૈયાલાલ સીંઘીને લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા પોલીસના બતાવ્યા મુજબ તેઓએ તેમાં સહીઓ કરી આપેલી. તેમાં શુ લખેલુ હતુ તે વાંચેલ નહી કે કોઈએ વાંચી સંભળાવેલ નહી. પોલીસે તેઓને એલ.સી. બી. કચેરી, હિમતનગર ખાતે બોલાવેલ અને ત્યાંથી તેઓની સાથે હિંમતનગર બજારમાં કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય અને ત્યાં તેમની હાજરીમાં કોઈ ઈસમો પાસેથી સોના-ચાંદીના દાગીના કબ્જે લીધેલ હોય તે ઈસમોનું શરીરસ્થિતિનું પંચનામુ અમારી હાજરીમાં કરેલ હોય તેવુ બનેલ નથી. તેમને કબ્જે લીધેલ મુદ્દામાલ સોના ચાંદીના દાગીના તથા મોબાઈલ તેમજ અન્ય મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી, પોલીસે તેમની હાજરીમાં કોઈ જ મુદ્દામાલ કબ્જે કરેલ નથી.એ.પી.પી.શ્રીએ સદર પંચને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. પરંતુ ફરીયાદ

પક્ષના કેસના સમર્થનમા કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૩.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, સહી કર્યા સિવાય પંચનામાની વિગતે કશુ જાણતા નથી.

(૩૩.૨) આમ, ઉપરોકત પંચના પુરાવા પરથી સોના ચાંદીના કબજે કરેલા પંચનામાની હકીકતો પુરવાર થતી નથી અને સદર પંચના પુરાવા પરથી આંક–૨૦ ના સાહેદ અર્જુનભાઈ વિનોદભાઈ ટોલીયાના પુરાવાને સમર્થન મળતુ નથી.

**(૩૪)** ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર **સાહેદ નં.૨૨ ઘનશ્યામદાન ખોડીદાન ઈશરાણીને આંક–૧૨૦** થી સોગંદ પર તપાસવામા આવેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, તારીખ:૧૬/૦૧/૨૦૧૪ના રોજ ફરીયાદી ગોબરભાઈ મેઘાભાઈ દેસાઈની ફરીયાદ તત્કાલીન પી.એસ.આઈ. ડી.ડી. ચાવડા સમક્ષ આવી જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ તેઓએ લખી લીધેલ અને ખેડબ્રહમા પો. સ્ટે. ગુ. ર. નંબર–૬/૨૦૧૪, ઈ. પી. કો. કલમ–૩૯૪ મુજબનો ગુનો નોધી લીધેલ અને સુચિપત્ર તૈયાર કરેલ તે સુચીપત્ર ઓળખી બતવોલ છે તેમજ ફરીયાદ પણ ઓળખી બતાવેલ છે અને આંક–૯૯ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પી.એસ.આઈ. ડી.ડી. ચાવડાની સહી ઓળખી બતાવે છે તે તપાસના કામે તેમના તરફ આવેલ. તેમજ આરોપીઓએ લુંટ દરમિયાન મેળવેલ મુદ્દામાલ હિંમતનગર મુકામે વેચવા આવવાના હોય તેવી બાતમી એલ.સી. બી. ઓફિસ, હિંમતનગરનાઓને મળતા તેઓએ તે અંગેની વોચ ગોઠવી આરોપીઓ હિંમતનગર આવતા તેઓને પકડેલા અને ડીટેઈન કરેલા અને તે અંગેનું પંચનામુ એલ.સી. બી. પી.એસ.આઈ. ટોળીયાનાઓએ કરેલુ જે પંચનામુ આ કામે આંક –૧૧૫ થી રજુ છે જે તપાસના કામે તેઓ તરફ આવેલ તે ઓળખી બતાવે છે અને મરણજનારની લાશનું પંચનામુ કરવાનું હોઈ અને લાશ દફનાવી દીધેલ હોય જરૂરી મંજુરી મેળવી લાશ બહાર કાઢી બે પંચોને તે અંગેની સમજ કરી લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલ અને તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે તેઓએ તથા એકઝી. મેજી. ખેડબ્રહમાનાઓએ સહીઓ કરેલ જે પંચનામુ આ કામે આંક–૮૯ થી રજુ થયેલ છે તેમજ એલ.સી. બી. ઓફિસ,હિંમતનગર દવારા ડીટેઈન કરવામાં આવેલ આરોપીઓનો કબ્જો મેળવેલ અને કલમ–૨૭ મુજબનું પંચનામુ કરવાનું હોઈ બે પંચોને હાજર

રાખી તે અંગેની સમજ કરી આરોપીઓને સાથે રાખી પંચાનામુ લખી લીઘેલ અને તે પંચનામા માં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલનું રીકવરી પંચનામુ કરવાનું હોઈ બે પંચોને હાજર રાખી તે અંગેની સમજ કરી આરોપીઓને સાથે રાખી પંચાનામુ લખી લીઘેલ અને તે પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે અને લાશ સોપ્યા બાબતની પાવતીમા પોતાની સહી ઓળખી બતાવેલ છે તે આં ક–૧૨૧ થી રજુ થયેલ છે. માણેકનાથ મંદિરની જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા પો.સ. ઈ. ડી.ડી. ચાવડાનાઓની સહી ઓળખી બતાવે છે. ગુનાના કામે ઈજા પામનારનું સારવાર સર્ટી. મેળવવા તેમજ પી.એમ. રીપોર્ટ મેળવવા સારૂ યાદી કરેલ જે આઘારે ઈજા પામનારનું પ્રમાણપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૧૧ તથા આંક–૨૮ થી રજુ છે તે ઓળખી બતાવે છે તેમજ પી.એમ. રીપોર્ટ આંક–૧૮ થી રજુ છે. તે ઓળખી બતાવે છે અને આરોપીઓની ઓળખ પરેડ કરવા માટે એકઝી. મેજી.ખેડબ્રહમા નાઓને યાદી કરેલ જે યાદી આઘારે એકઝી. મેજી. ખેડબ્રહમાનાઓએ આરોપીઓની ઓળખ પરેડ અંગેનું પંચનામુ કરેલ અને તે પંચનામુ આંક–૧૨૨ થી રજુ થયેલ છે. એકઝી. મેજી. ખેડબ્રહમાનાઓનો ઓળખ પરેડ અંગેનો પત્ર તેઓ તરફ મોકલી આપેલ તે આંક–૧૨૩ થી રજુ કરેલ છે. આ કામે સાહેદોના નિવેદનો લીઘેલ હોવાનુ અને તપાસના કામે કોલડીટેઈલ મેળવવા સારૂ તજવીજ કરેલ અને કોલડીટેઈલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તે આંક –૧૨૪ થી રજુ થયેલ છે. તેમની તપાસ દરમિયાન મરણજનારને માથાના ભાગે ઈજાઓ થતાં મરણજનારનું મોત નિપજેલ હોય જેથી આઈ.પી.સી. ની કલમ–૩૦૨ નો ગુનો બનતો હોય જેથી એફ.આઈ.આર.માં કલમ–૩૦૨ નો ઉમેરો કરવા સારૂ નામ. કોર્ટમાં રીપોર્ટ કરેલ. તે આં ક–૧૨૫ થી રજુ કરેલ છે. આ ગુનાના કામે કબ્જે લીઘેલ મુદ્દામાલ બકરી તેના માલિકને સુપ્રત કરેલ અને તે અંગેની પહોંચ મેળવેલી. તેની પાવતી આંક–૧૨૬ થી રજુ કરેલ છે. ત્યાર બાદ સદર તપાસના કામે કબ્જે લીઘેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે તપાસણી સારુ મોકલવાનો હોઈ, રવાનગી નોંઘ તૈયાર કરેલ, તેમા પોતાની અને નાયબ પોલીસ અઘિક્ષક શ્રી ઈડરનાઓની સહી ઓળખી બતાવેલ છે તે આંક–૧૨૭ થી રજુ થયેલ છે. તેમજ મુદ્દામાલ રવાનગી નોંઘવાળો મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે પહોંચી જતા તેઓ ઘ્વારા મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ તેમના તરફ આવેલ તે આંક–૧૨૮ થી રજુ થયેલ છે. એફ.એસ.એલ. પરીક્ષણ

બાબતેનો પત્ર તથા અહેવાલ આંક–૧૨૯ થી રજુ કરેલ છે. તેમજ આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૩૪.૧) ઉપરોકત ત.ક.અમલદારની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, ફરીયાદ બનાવના બે દિવસ મોડી કરવામાં આવેલ અને ફરીયાદમાં મોડી ફરીયાદ કરવામાં આવેલ તેનો કોઈ યોગ્ય અને વ્યાજબી ખુલાસો કરવામાં આવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, ફરીયાદમાં કોઈ આરોપીઓના નામ,કદ,કાઠી, રૂપ તથા વર્ણ જણાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, બનાવની જગ્યાનું મંદિર ખેડબ્રહમા હાઈવે રોડ ઉપર આવેલુ છે. તેમજ કબુલ કરેલ છે કે, આરોપી અટક કર્યા બાદ સાહેદોનો કોઈ વધારાના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, ઈ.પી.કો. કલમ–૩૦૨ નો ઉમેરો કરેલ તેમાં પણ કોઈ આરોપીઓના નામ જણાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, જે વ્યકિતઓના મુદ્દામાલ ચોરાયેલા તેઓના કોઈ નિવેદન આ ગુનાના કામે મેળવેલ નથી.

(૩૪.૨) આમ, ઉપરોકત તપાસ કરનાર અમલદારની સરતપાસની હકીકતો ધ્યાને લેતાં, તપાસની પ્રક્રિયાને સમર્થન મળે છે. પરંતુ આ કામે જે પંચનામાઓ થયેલા છે તે પંચો ધ્વારા પંચનામા ની હકીકતોને સમર્થન કરેલ નથી. વધુમા આ કામે ફરીયાદ પક્ષના સાહેદોના પુરાવામાં વિરોધાભાસ જણાઈ આવે છે.

**(૩૫)** હવે આ કામે ઉપરોકત સમગ્ર કરેલ પુરાવાની ચર્ચા, બંને પક્ષોની રજુઆતોનુ ફરીવાર એક સાથે મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદી તેમજ ફરીયાદ પક્ષના ઈજાપામનાર સિવાયના તમામ સાહેદોએ બનાવ નજરો નજર જોયેલ નથી અને બનાવની જાત માહીતી નથી. વધુમાં આ કામે ઈજાપામનાર સાહેદ મીતુસીહ રતનસીહના પુરાવાને ધ્યાને લેતાં તેઓ એ તેમના પુરાવામાં અજાણ્યા ઈસમોએ મંદીરની જાળીનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી તેઓને, કલ્યાણભાઈને તેમજ મફાભાઈ ને માર મારેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ આ કામે સદર સાહેદ મીતુસીહ ધ્વારા કોઈ પણ પ્રકારની સારવાર મેળવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમા આ કામે બનાવ બન્યા બાદ તુરત જ ફરીયાદ આપવામાં આવેલ નથી. તેમજ આ કામે તબીબ સાહેદના પુરાવા અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતાં, મફતભાઈ વસાભાઈ રબારી ને સારવાર માટે લાવેલા અને તેઓએ બનાવની હીસ્ટ્રીમાં લોકોના ટોળાએ લાકડી વડે હુમલો કરેલ હોવાનુ અને તેઓને જમણા હાથના કાંડા

અને કોણીના ભાગે અસ્થીભંગ જોવા મળેલ અને માથાની જમણી બાજુ ઈજાઓ થયેલ હોવાનુ તેમજ અન્ય ઈજાપામનાર–મરણજનાર કલ્યાણભાઈ વીહાભાઈ રબારીની સારવાર કરેલ છે અને તેઓએ બનાવની હીસ્ટ્રીમાં અજાણ્યા લોકોએ તેઓ ઉપર લાકડીઓ વડે હુમલો કરેલ હોવાની અને તેઓને ઈજામા ડાબા હાથના કાંડા, જમણા હાથના ખભા અને કોણીના વચ્ચેના ભાગે અસ્થીભંગ જોવા મળેલ હોવાનુ જણાવેલ છે. અને ઈજાઓ તાજી હોવાનુ જણાવેલ છે. પરંતુ બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેતા તેમા કબુલ કરેલ છે કે, હાથની ઈજાઓના કારણે મૃત્યુ થઈ શકે નહી. જયારે સાહેદ નં.૩ ડો.અનીશકુમારના પુરાવાની ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતાં, કલ્યાણભાઈ વીહાભાઈને તેમની હોસ્પીટલમા તારીખ ૧૭/૩/૨૦૧૪ રોજ લાવેલા અને તેમના પુત્ર એ ખેડબ્રહમા જીલ્લા સાબરકાંઠામા માથામા તથા શરીરના અન્ય ભાગોમા ઈજાઓ કરવામાં આવેલી હોવાનુ જણાવેલ છે. આમ, તા.૧૬/૧/૨૦૧૪ ના રોજ ઈજા પામનારને હાથના ભાગે અસ્થીભંગ સહીતની ઈજાઓ હોવાની જયારે તા.૧૭/૩/૨૦૧૪ ના રોજ માથાનાભાગે ઈજાઓ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આમ, ઈજાઓ બાબતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે. વધુમાં સદર તબીબ ધ્વારા ઈજા પામનારને માથાની ઈજાઓ બાબતે કોઈ સારવાર આપેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તેમજ ઉ.ત.ની હકીકતો ધ્યાને લેતાં ઈજા સાદી કે ગંભીર હતી તેનો ઉલ્લેખ સર્ટીફિકેટ મા નથી અને તેમજ સદર પેશન્ટનુ ઓપરેશન કરવામાં આવેલ અને પેશન્ટ ડોકટરની સલાહ વિરુધ્ધ પુરતી સારવાર લીધા વગર તેની જાતે ચાલી જાય તો સારવારમા બ્રેક પડવાના કારણે પણ તકલીફ થઈ શકે તેમ કબુલ કરેલ છે તે અનુસં ધાને મરણજનારના પુત્ર મણકાભાઈના પુરાવાને ધ્યાને લેતાં તેઓએ તેમની સરતપાસમાં તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ ડોકટરે રજા આપતા તેમના પિતાજીને ઘરે લાવેલ જયારે તબીબ સાહેદ ધ્વારા તેમની સરતપાસમાં, '' સદર પેશન્ટ ડોકટરની સલાહ વિરુધ્ધ તા.૨૯/૧/૨૦૧૪ ના રોજ હોસ્પીટલમાથી રજા લઈ જવામાં આવેલા '' આમ,આ કામના મરણજનારને પુરતી સારવાર મળેલ ન હોય તેના કારણે મરણ પામેલ હોવાની હકીકત પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. વધુમાં આ કામે આ અજાણ્યા ઈસમો હાલના આરોપીઓ જ હોવા બાબતે કોઈ જ હકીકત ફરીયાદ પક્ષના સમગ્ર પુરાવા પરથી સ્પષ્ટ પણે અને નકકર રીતે રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે જે કલમ ઉમેરાનો રીપોર્ટ રજુ થયેલ

છે તે ધ્યાને લેતાં કલમ–૩૦૨ નો ઉમેરો કરવાનો રીપોર્ટ છે. પરંતુ આ કામે સદર ગુનાના કામે સમગ્ર પ્રક્રિયા જોવામા આવે તો, બનાવ તારીખ ૧૬/૧/૨૦૧૪ ના રોજ બનેલ છે અને ત્યારબાદ ફરીયાદ પક્ષના કેસ મુજબ મરણજનારને ઈજાઓની સારવાર આપેલ અને સારવાર દરમ્યાન મરણ પામેલ અને તારીખ : ૧૪/૩/૨૦૧૪ ના રોજ દફનવીધી કરેલ અને ત્યારબાદ પોલીસને જાણ થયેલી અને મરણજનારની લાશ બહાર કાઢી તેનુ પંચનામુ અને પી.એમ. કરાવેલ છે. આમ, આ કામના ઈજાપામનારને ગંભીર ઈજાઓ થયેલ હોય અને તે બાબતની ફરીયાદ જે તે વખતે બનાવ બન્યાના બે દિવસ બાદ આપવામાં આવેલ હોય તો તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના કામે મરણજનારનુ નિવેદન નોંધવા માટેની કોઈ તજવીજ કે જો મરણજનાર અતિ ગંભીર પરીસ્થીતીમાં હોય તો મરણોન્મુખ નિવેદન નોંધવા સક્ષમ છે કે કેમ ? તે બાબતે કોઈ તજવીજ કરેલ નથી. જયારે આ કામે પ્ર ાથમીક સારવાર દરમ્યાન મરણજનાર ભાનમાં હોવાની અને પોતાની જાતે બનાવની હીસ્ટ્રી લખાવેલ હોવાની ફરીયાદ પક્ષના તબીબ સાહેદ નં.૧ બલભદ્ર વિષ્ણુદાન ગઢવીના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવે છે. વધુમાં આ કામે એફ.એસ.એલ.ના પુરાવા પરથી પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષનો સંપુર્ણ કેસ શંકાના દાયરામાં આવી જાય છે અને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંત મુજબ શંકાનો લાભ હંમેશા આરોપીને મળવાપાત્ર થાય.

(૩૬) આમ, ઉપરોકત બંને પક્ષોની રજુઆત, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા, પુરાવાનુ મુલ્યાંકન, કાયદાકીય જોગવાઈઓ અને મુખ્યત્વે તબીબ સાહેદો તથા મરણજનારના સગાઓ અને પંચ સાહેદોના પુરાવાની હકીકત ધ્યાને લેતાં, આરોપીઓ વિરુધ્ધના આક્ષેપિત ઈ.પી.કોડની કલમ– ૩૯૪, ૩૦૨ મુજબના ગુનાની હકીકતો ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં.ર નો નિર્ણય " **નકાર** " માં ઠરાવવામા આવે છે અને મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો "**આખરી હુકમ**" કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આરોપીઓ (૧) લાડુભાઈ હોમીરાભાઈ પરમાર (૨) નરેશભાઈ ધુળાભાઈ પરમાર (૩) રાજુભાઈ દીતાભાઈ પારઘી

(૪) સેજુભાઈ ધનાભાઈ પારઘી, આ.નં.૧,૨ –રહેવાસી–ખાદરાફળી પોલાપણ, આ.નં.૩,૪–રહેવાસી– ખરણીયા કોદરમુખીનુ ફળીયુ, તમામ તા.પોશીના, જિ.સાબરકાંઠાનાઓને ભારતીય દંડ સંહિતા ની કલમ –૩૯૪, ૩૦૨ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદામાલનો અપીલ પીરીયડ પુરો થયા બાદ નાશ કરવો અન્યથા અપીલ અદાલતના હુકમને આધીન રહેશે.

(૩) મુદામાલ પાવતી નં.૧૫/૧૪ ના આર્ટીકલ નં.૩ મોટર સાયકલ અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ અપીલ સમય બાદ કાયમ કરવામાં આવે છે. અગર કોઈ હુકમ થયેલ ન હોય તો તેના માલીકની ખરાઈ કરી તેને પરત સોંપવો.

(૪) મુદામાલ પાવતી નં.૧૫/૧૪ માં જણાવેલ તમામ ચલણી નોટો શ્રી સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે.

(૫) મુદામાલ પાવતી નં.૧૫/૧૪ માં જણાવેલ રણી તેમજ છડાની જાહેર હરાજી કરી તેની ઉપજના નાણાં શ્રી સરકાર ખાતે ખાલસા કરવા.

(૬) મુદામાલ પાવતી નં.૧૫/૧૪ માં જણાવેલ મોબાઈલ નંગ–૩ ના માલીકની ખરાઈ કરી તેને પરત સોપંવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) મુદામાલ પાવતી નં.૧૫/૧૪ માં જણાવેલ બકરી અંગે થયેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.

(૮) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ જો સદર હુકમને કોઈ અપીલ દ્વારા પડકારવામાં આવે તેવા પ્રસંગે દરેક આરોપી એપેલેટ કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેશે તેવી ખાત્રી માટે દરેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/–( અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આપવાના રહેશે.

(૯) આ કામના આરોપી નં.૪ સેજુભાઈ ધનાભાઈ પારઘી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય, આ હુકમ સંબંધે જેલ ઓથોરીટીને સદર આરોપી અન્ય ગુનાના કામે જેલમાં ન હોય તો,

આરોપીને હાલના ગુનાના કામે જેલ મુકત કરવા ધોરણસર યાદી કરવી.

હુકમ આજ તારીખ : ૨૮ મી માહે ઓકટોબર સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૮/૧૦/૨૦૨૫
સ્થળ : ઈડર

**(એમ.વાય.રાધનપુરવાલા)**
ત્રીજા એડિશ્નલ સેશન્સ જજ,
સાબરકાંઠા, ઈડર
કોડ નંબર–**(જીજે૦૦૭૩૪)**

-- BYT --